dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-95 | AD-2026, Paush Vad-04 | Wednesday, Dt.07-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### સુપ્રીમ કોર્ટે ઉમર ખાલિદ અને શરજીલ ઇમામની જામીન અરજીઓ ફગાવી દીધા બાદ

## જેએનયુ યુનિ. માં પીએમ મોદી અને ગૃહમંત્રી શાહ વિરૂધ્ધ વિવાદાસ્પદ સુત્રોચ્ચારથી દેશમાં આક્રોશ

નવીદિલ્હી,તા.૬

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં તણાવ ફેલાયો હતો જ્યારે સુપ્રીમ કોર્ટે ઉમર ખાલિદ અને શરજીલ ઈમામની જામીન અરજીઓ ફગાવી દીધા બાદ વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો હતો. આ વિરોધ દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ વિરુદ્ધ વાંધાજનક અને વિવાદાસ્પદ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.સોમવાર રાત્રે થયેલા વિરોધ પ્રદર્શનના એક કથિત વીડિયો મુજબ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ ઘટના ૫ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ જેએનયુ કેમ્પસમાં વિદ્યાર્થીઓ પર થયેલા હુમલાની વર્ષગાંઠ નિમિત્તે આયોજિત વિરોધ પ્રદર્શન દરમિયાન બની હતી. જેએનયુ વિદ્યાર્થી સંઘ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં, વિદ્યાર્થીઓએ શરજીલ ઈમામ અને ઉમર ખાલિદને જામીન ન આપવા પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. યુનિવર્સિટી વહીવટીતંત્રે આ મામલાની તપાસ શરૂ કરી છે અને ઘટનાની આસપાસના તથ્યો શોધવાનો પ્રયાસ કરી રહ્યું છે.જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘના પ્રમુખ અદિતિ મિશ્રાએ જણાવ્યું હતું કે દર વર્ષે, વિદ્યાર્થીઓ ૫ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ કેમ્પસમાં થયેલી હિંસાની નિંદા કરવા માટે વિરોધ કરે છે. મિશ્રાએ જણાવ્યું હતું કે, "વિરોધ દરમિયાન ઉઠાવવામાં આવેલા બધા સૂત્રો વૈચારિક હતા



અને કોઈ પર વ્યક્તિગત હુમલો કરતા નહોતા. તે કોઈ ચોક્કસ વ્યક્તિ પર નિર્દેશિત નહોતા." એ નોંધવું જોઈએ કે ૫ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ કેમ્પસમાં હિંસા ફાટી નીકળી હતી, જ્યારે માસ્ક પહેરેલા માણસોનું એક ટોળું કેમ્પસમાં ઘૂસી ગયું હતું અને ત્રણ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને નિશાન બનાવ્યું હતું. તેઓએ લાકડીઓ, પથ્થરો અને લોખંડના સળિયાથી હુમલો કર્યો, હોસ્ટેલના રહેવાસીઓને માર માર્યો, બારીઓ, ફર્નિચર અને અંગત સામાન તોડી નાખ્યો. કેમ્પસમાં લગભગ બે કલાક સુધી અંધાધૂંધી રહી, જેમાં JNU વિદ્યાર્થી સંઘના પ્રમુખ આઈશી ઘોષ સહિત ઓછામાં ઓછા ૨૮ લોકો ઘાયલ થયા. દિલ્હી સરકારના મંત્રી કપિલ મિશ્રાએ કહ્યું, "આ ફક્ત જેએનયુ વિશે નથી. કેટલાક લોકો એવા છે જે આવા રાષ્ટ્ર વિરોધી અને ધર્મ વિરોધી નારા લગાવે છે. તેઓ અફઝલ ગુરુ માટે, સુપ્રીમ કોર્ટના ચુકાદા વિરુદ્ધ, આતંકવાદીઓના સમર્થનમાં અને નક્સલવાદીઓના સમર્થનમાં નારા લગાવે છે, પરંતુ એકંદરે, તેમના નારા ફક્ત નારા સુધી મર્યાદિત છે." જ્યાં નક્સલવાદીઓ હતા, તેઓ ગયા છે, જ્યાં આતંકવાદીઓ હતા, તેઓ ગયા છે, અને દિલ્હી વિરુદ્ધ કાવતરું ઘડનારાઓ સામે સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો છે, તેથી આ ફક્ત તેમની હતાશા છે.

દિલ્હીના મંત્રી આશિષ સૂદે ગઈકાલે જેએનયુ કેમ્પસમાં વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ કથિત સૂત્રોચ્ચાર અંગે બોલતા કહ્યું, "ઉમર ખાલિદ અને શરજીલ ઈમામના જામીન નામંજૂર થયા પછી જેએનયુમાં આવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા તે નિંદનીય છે. શરજીલ ઈમામે ચિકનના ગળા કાપીને ઉત્તરપૂર્વ ભારતને અલગ કરવાનું આહ્વાન કર્યું હતું. પીએમ મોદી અને ગૃહમંત્રી શાહ વિરૂધ્ધ સુત્રોચ્ચારથી દેશમાં આક્રોશ ફેલાયો છે.

## 'જી રામ જી' રોજગારની ગેરંટી આપે છે, વીબી-જી રામ જી પારદર્શિતા વધારશે : યોગી

(એચ.એસ.એલ),લખનૌ,તા.૬

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૨૦૨૬ ની પ્રથમ કેબિનેટ બેઠક પછી એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. મુખ્યમંત્રી યોગીએ પીએમ મોદીના 'જી રામ જી' ના ગુણોની ગણતરી કરાવી. મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે 'જી રામ જી' રોજગારની ગેરંટી આપે છે. વીબી-જી રામ જી પારદર્શિતા




વધારશે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું, "કોંગ્રેસ પાર્ટી અને તેમનું ભારત ગઠબંધન આ મહત્વપૂર્ણ કાયદા વિશે ઘણા પ્રશ્નો ઉભા કરી રહ્યા છે. આશ્ચર્યજનક છે કે દેશના હિતમાં, કામદારો, ખેડૂતો અને ગામડાઓના વિકાસ માટે લેવામાં આવેલા આ મહત્વપૂર્ણ પગલાને સમર્થન અને સ્વાગત કરવાને બદલે - જેના માટે ભારત ગઠબંધને વડા પ્રધાન અને NDAનો આભાર માનવો જોઈતો હતો - તેઓ ખુલ્લેઆમ તેમની જૂની ભ્રષ્ટ પ્રથાઓને સમર્થન આપી રહ્યા છે." જો આપણે વીબી જી રામ જી એકટની વિશેષતાઓ જોઈએ, તો તે પારદર્શક પ્રક્રિયા સુનિશ્ચિત કરવા, રોજગારની તકો બનાવવા, રોજગારની ખાતરી આપવા અને ગ્રામીણ વિસ્તારોમાં કાયમી સંપત્તિ બનાવવા માટે પસાર કરાયેલ એક મહત્વપૂર્ણ કાયદો છે.

## કેન્દ્રીય બજેટમાં ચોખાની નિકાસને મજબુત બનાવવા રાહતની આશા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૬

ઈન્ડિયન રાઈસ એક્સપોર્ટર્સ એસોસિએશને આગામી કેન્દ્રીય બજેટ ૨૦૨૬ માં ચોખાની નિકાસને મજબૂત બનાવવા માટે સરકાર પાસેથી અનેક મુખ્ય રાહત પગલાંની માંગ કરી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણને આપેલા સૂચનોમાં, ફેડરેશનએ જણાવ્યું છે કે જો નિકાસકારોને કર મુક્તિ, સસ્તી



લોન અને લોજિસ્ટિક્સ સહાય મળે, તો ભારતીય ચોખા વૈશ્વિક બજારમાં વધુ સ્પર્ધાત્મક બની શકે છે. આઈઆરઈએફે ચોખાની નિકાસ માટે લેવામાં આવેલી લોન પર ૪ ટકા વ્યાજ સબસિડીની માંગ કરી છે. વધુમાં, ખેતરો અને મિલોથી બંદરો અથવા ICD સુધી ચોખાના પરિવહનના ખર્ચને ઘટાડવા માટે રોડ અને રેલ નૂર પર ૩ ટકા સુધીની સરકારી સબસિડી પૂરી પાડવામાં આવે છે. ફેડરેશને એવી પણ માંગ કરી હતી કે નિકાસકારોને નિકાસ ઉત્પાદનો પર ડ્યુટીઝ અને ટેક્સીસ યોજના હેઠળ સમયસર કર રિફંડ મળે. આ ઉપરાંત,આઈઆરઈએફે નિકાસ સંબંધિત સુવિધાઓ જેમ કે નિરીક્ષણ, ગુણવત્તા નિયંત્રણ, ટ્રેસેબિલિટી અને નાણાકીય ગેરંટીને મજબૂત બનાવવાની પણ માંગ કરી છે.

## સમગ્ર ભારતીય નાગરિકો વતી હું વર્લ્ડ ચેમ્પિયન્સનું સન્માન કરું છું

**ત્રણેય ટીમોના વિજયી ખેલાડીઓ જસપ્રિત બુમરાહ, સૂર્યકુમાર યાદવ, સ્મૃતિ મંધાના, જેમીમાં રોડરીગેસ, ગંગા કદમ ઉપરાંત, સચિન તેંડુલકર, હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીની મહાન હસ્તીઓ અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન વગેરે ઉપસ્થિત રહ્યા**

**કાર્યક્રમમાં ભારતની વર્લ્ડ કપ વિજેતા ટીમોના ત્રણ કેપ્ટન રોહિત શર્મા, હરમનપ્રિત કૌર અને દીપિકા ટીસી ઉપસ્થિત રહ્યા**

મુંબઈ, તા.૦૬

મુંબઇ ખાતે સોમવારે યોજાયેલી દ્વિતીય યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ ઈવેન્ટમાં નીતા અંબાણીએ સમગ્ર ભારતની પ્રજા તરફથી ક્રિકેટ ક્ષેત્રે વર્લ્ડ ચેમ્પિયન બનનાર ભારતની ત્રણ ટીમોનું અભિવાદન અને સન્માન કર્યું હતું, જેમાં પ્રજ્ઞાચક્ષુ મહિલા ટીમ અને મેન્સ તેમજ વિમેન્સ ટીમની સમાવેશ થતો હતો.

વિજેતા ખેલાડીઓનું અભિવાદન કરતાં નીતા અંબાણીએ કહ્યું, ' આપણે નવા વર્ષની શરૂઆત અને ઉજવણી એક ખાસ પ્રસંગથી કરી રહ્યા છીએ. આજે આપણી ત્રણેય વિશ્વ વિજેતા ક્રિકેટ ટીમ આ વિશેષ સન્માન કાર્યક્રમમાં ઉપસ્થિત છે, જેમાં મેન્સ, વિમેન્સ અને પ્રજ્ઞાચક્ષુ વિમેન્સ ટીમનો સમાવેશ થાય છે. દરેક ભારતીય તરફથી આ તમામ ચેમ્પિયન્સનું સ્વાગત અને સન્માન કરતાં અત્યંત ગર્વની લાગણી થાય છે જે ખેલાડીઓએ આપણને વિજયની અદ્ભુત ક્ષણોનો સાક્ષાત્કાર કરાવીને ખુશી અને આનંદના આસ્વાદથી સજાવી દીધા છે.

રમતજગત તેની સાથે જોડાયેલી પ્રજા સંવેદના અને હૃદયના તાર વિશે વાત કરતાં નીતા અંબાણીએ કહ્યું, ' સ્પોર્ટ્સ એક સંસ્કાર છે જે ભારત દેશ અને એક એક ભારતીયના હૃદયને જોડે છે જેની અસર અત્યંત પરિવર્તનકારી હોય છે. આજે આપણે આજના સુંદર પ્રસંગે આ વિજેતાઓને આવકારીને વિજયની ઉજવણીની ક્ષણોને માણીએ ત્યારે અત્યંત ઉચ્ચ અનુભૂતિ થાય છે. ' કાર્યક્રમમાં ભારતની વર્લ્ડ કપ વિજેતા ટીમોના ત્રણ કેપ્ટન ઉપસ્થિત રહ્યા હતા જેમાં રોહિત શર્મા, હરમનપ્રિત કૌર અને દીપિકા ટીસીનો સમાવેશ થતો હતો, જેમની ટીમના વિજયી પ્રદર્શનથી સમગ્ર દેશમાં અનન્ય માહોલ સર્જાઈ ચૂક્યો છે.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં ત્રણેય ટીમોના વિજયી ખેલાડીઓ જસપ્રિત બુમરાહ, સૂર્યકુમાર યાદવ, સ્મૃતિ મંધાના, જેમીમાં રોડરીગૅસ, ગંગા કદમ ઉપરાંત મહાન ક્રિકેટરો સુનિલ ગાવસ્કર, સચિન તેંડુલકર, રવિચંદ્રન અશ્વિન, ઓલિમ્પિક અને પેરાલિમ્પિક લિજેન્ડ્સ મુરલીકાંત પેટકર, દીપા મલિક, દેવેન્દ્ર ઝાઝારિયા, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મહાન હસ્તીઓ અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ એ રમતજગત ક્ષેત્રે શ્રેષ્ઠતા, એકતા અને મૂલ્યોના જતન અને સંવર્ધન માટેનું નીતા અંબાણીનું વિઝન અને મિશન છે.



જબરજસ્ત જુસ્સો, સમર્પણ, દેશદાઝ અને અપ્રતિમ, અડગ મનોબળના પર્યાયસમી આ ઐતિહાસિક તસ્વીરમાં મુંબઈ ખાતે દ્વિતીય યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ ઇવેન્ટમાં નીતા અંબાણી સાથે ભારતની ત્રણ અલગ અલગ ક્રિકેટ વર્લ્ડ કપ ચેમ્પિયન ટીમના કેપ્ટન, જેમાં પ્રજ્ઞાચક્ષુ ટીમની કેપ્ટન દીપિકા ટીસી, રોહિત શર્મા અને હરમનપ્રિત કૌર આંખોમાં આંજેલા આગામી સુવર્ણયુગના સપના સાથે એક અદ્ભુત સંદેશો ભારતની પ્રજાને આપી રહ્યા છે.










અત્યંત ભાવસભર અભિવ્યક્તિ સાથે જ્યારે જીવનમાં સામા પાણીએ તરીને પણ કુદરત સાથે તાલ મિલાવતી પ્રબળ ઈચ્છાશક્તિ અને વિજયી મુદ્રા અને મિજાજનો જ્યારે સંગમ સર્જાય ત્યારે એ અદ્ભુત દ્રશ્યોની નાની ઝાંખી પણ ઓછા શબ્દો સાથે એક નવલકથા બની જાય છે. ભારતીય પ્રજ્ઞાચક્ષુ મહિલાઓની વિજેતા ટીમ, આઇસીસી વર્લ્ડ ટી ટ્વેન્ટી ચેમ્પિયન ભારતીય ટીમની કેટલીક ખેલાડીઓ અને આઈસીસી વિમેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા ટીમ સાથે નીતા અંબાણી, અમિતાભ બચ્ચન, સચિન તેંડુલકર અને આઈસીસી ચેરમેન શ્રી જય શાહની આ તસ્વીર મુંબઈમાં યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ ઇવેન્ટમાં આ ત્રિવેણી મૂડ અને જુસ્સાની ગવાહી આપે છે.

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૦૭-૦૧-૨૦૨૬

# બગસરામાં મગફળી ખરીદી કૌભાંડ મામલે તપાસ એજન્સીઓ દ્વારા પ્રમુખના ખાનગી ગોડાઉનની ચકાસણી

બગસરા,તા.૦૬

બગસરામાં ટેકાના ભાવે મગફળી ખરીદીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર અને મગફળીની લૂંટ થતી હોવાનો કથિત વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાને પગલે બગસરા શહેરમાં વિવિધ તપાસ એજન્સીઓ દોડતી થઈ હતી. લોકચર્ચા મુજબ સ્ટેટ મોનિટરિંગ સેલ તથા ઈડી (ED) સહિતના અધિકારીઓ તપાસ માટે આવી પહોંચ્યા હતા.

કરોડોના કૌભાંડની આશંકાને લીધે તપાસ એજન્સીઓએ વહેલી સવારે બગસરામાં ધામા નાખ્યા હતા. નજરે જોનાર લોકોના જણાવ્યા અનુસાર, બગસરા વિવિધ સહકારી સેવા મંડળીનાના પ્રાઈવેટ ગોડાઉનની સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત એજન્સીઓ દ્વારા લોકોના નિવેદન પણ લેવાઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. એનફોર્સમેન્ટ વિભાગે પણ ખાનગી રીતે તપાસમાં ઝુકાવ્યું હોવાની ચર્ચા છે.

મગફળી ખરીદીમાં ખેડૂતો પાસેથી ભ્રષ્ટાચાર સ્વરૂપે રકમ ઉઘરાવવામાં આવતી હોવાના અને વચેટિયાઓ દ્વારા માલ કાઢી ખેડૂતોને હેરાન કરવામાં આવતા હોવાની ફરિયાદો ઉઠી હતી. આ બાબતે જો તટસ્થ તપાસ થાય તો દલાલોના ટેકાથી ચાલતું વ્યવસ્થિત કૌભાંડ બહાર આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

**કૌભાંડના આક્ષેપો સામે ખેડૂતોનું આવેદનપત્ર**

એક તરફ તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે ત્યારે બીજી તરફ કૌભાંડના આક્ષેપો સામે બગસરા તાલુકા વિવિધ સેવા સહકારી મંડળીના સમર્થનમાં ૫૦ જેટલા ખેડૂતોએ આવેદનપત્ર પાઠવ્યું હતું. આ ખેડૂતોએ આક્ષેપ કરનાર કોંગ્રેસ પ્રવક્તા પર પગલાં લેવાની માંગ કરી છે. જોકે, આ ખેડૂતો મંડળી દ્વારા જ ઉભા કરવામાં આવ્યા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

**વાયરલ વીડિયો બાદ સ્ટેટ મોનિટરિંગ સેલ અને ઈડી દ્વારા તપાસનો ધમધમાટ, બીજી તરફ મંડળીના સમર્થનમાં ૫૦ ખેડૂતોએ આવેદનપત્ર પાઠવ્યું**

# ધારીમાં દામાણી પરિવાર દ્વારા પ્લોટ પ્રાથમિક શાળાના નવનિર્માણ માટે ભૂમિપૂજન

ધારી,તા.૦૬



ધારીના ભામાશા અને મૂળ ધારીના વતની રમેશભાઈ દામાણી દ્વારા આજરોજ ધારી મધ્યે આવેલી પ્લોટ પ્રાથમિક શાળાના નવીન બિલ્ડિંગ માટે સ્થળ પર ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. પ્લોટ પ્રાથમિક શાળાના બિલ્ડિંગનું નવનિર્માણ કાર્ય એમ્પોથી ફાઉન્ડેશનના સીઈઓ સુંદરન ઈન્શ્વરન અને તેમની ટીમ તથા બ્રિજ કન્સ્ટ્રશનના માલિક કાળુભાઈ લીંબાસીયા દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે જૈન અગ્રણી ભરતભાઈ શેઠ, નલીનભાઈ બજરીયા મહિલા કોલેજના આચાર્ય રાજુભાઈ દવે, પ્રિન્સિપાલ માનસિંહ બારડ, પ્લોટ શાળાનો સમગ્ર સ્ટાફ, સારસ્વત મિત્રો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિદ્યાસભા સ્કૂલના DLSS ખેલાડીઓનો દબદબો : ખેલ મહાકુંભ સૌરાષ્ટ્ર ઝોન હેન્ડબોલમાં ૨ ટીમોને સુવર્ણ પદક

અમરેલી,તા.૦૬



અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના DLSS ખેલાડીઓએ સોમનાથ ખાતે યોજાયેલ ખેલ મહાકુંભ ૨૦૨૫માં શાનદાર પ્રદર્શન કરી અમરેલીનું ગૌરવ વધાર્યું છે. જેમાં હેન્ડબોલ સ્પર્ધામાં U-14 અને ઓપન એજ બંને કેટેગરીમાં બહેનોની ટીમે સુવર્ણ પદક પ્રાપ્ત કર્યા છે. તારીખ ૧૬ થી ૧૮ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન સોમનાથ ખાતે યોજાયેલ U-14 બહેનોની હેન્ડબોલ સ્પર્ધામાં સૌરાષ્ટ્ર ઝોનમાંથી ૧૬ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ગજેરા કેમ્પસની ટીમે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. વિજેતા ટીમમાં ગોસાઈ ભક્તિ, શેખ નયના, જાદવ નિરાલી, મકવાણા અક્ષરા, સોલંકી કૃપા, ડાભી સાક્ષી, તમગડિયા માનસી, મકવાણા દ્રષ્ટિ, તાવિયા દ્રષ્ટિ, મકવાણા પૂજા, વેગડ રિદ્ધિ અને કાગડિયા ધ્યાનીનો સમાવેશ થાય છે. ત્યારબાદ તારીખ ૧૮ થી ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાયેલ ઓપન એજ બહેનોની હેન્ડબોલ સ્પર્ધામાં ૧૪ ટીમો વચ્ચે મુકાબલો થયો હતો. જેમાં પણ ગજેરા કેમ્પસની ટીમે મેદાન મારી સુવર્ણ પદક હાંસલ કર્યો હતો. આ ટીમમાં વેગડ મીના, સોલંકી ઋષિતા, જાની હેમાંગી, બારૈયા નિધિ, મેર કિરણ, મકવાણા જેનીશા, પરમાર ક્રિષ્ના અને બલદાણીયા હિરલે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ બેવડી સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ બંને ટીમના ખેલાડીઓ તેમજ કોચ રવિભાઈ નાવડિયા, ટ્રેનર કમલેશભાઈ ભાલીયા અને ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા.

# સંતાન ન હોવા બાબતે પરિણીતાને 'વાંઝણી' કહી દિયર અને નણંદોનો ત્રાસ

અમરેલી, તા.૦૬

લગ્નના ૧૨ વર્ષ બાદ પણ સંતાન ન થતા પરિણીતાને તેના જ સાસરી પક્ષના સભ્યો દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપી, મારપીટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે પોલીસમાં દિયર, બે નણંદ અને નણંદના દીકરા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ અંગે હાલ અમરેલીમાં રહેતા હેતલબેન માવજીભાઈ ઓળકીયા (ઉ.વ.૪૧)એ ગોંડલામાં રહેતા પતિ રાજુભાઈ સવજીભાઈ ઓળકીયા, નણંદ હંસાબેન રમેશભાઈ મકવાણા, નણંદ હંસાબેનનો દિકરો ઉમેશભાઈ રમેશભાઈ મકવાણા તથા વેરાવળમાં રહેતા નણંદ રશીલાબેન મનસુખભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, મહિલાના લગ્નજીવનના લાંબા સમય બાદ પણ સંતાન ન હોવાથી તેના સાસરિયાઓ દ્વારા તેને અવારનવાર નિશાન બનાવવામાં આવતી હતી. તાજેતરના સમયગાળા દરમિયાન આ ત્રાસ અસહ્ય બન્યો હતો. આરોપીઓ દ્વારા પરિણીતાનો કોઈ વાંક ન હોવા છતાં તેને 'વાંઝણી' કહીને અવારનવાર માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. ઉપરાંત ગાળો આપી, ઢીકાપાટુનો મૂંઢમાર મારીને શારીરિક ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. તમામ આરોપીઓએ એકસંપ થઈને મહિલાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે પરિણીતાએ હિંમત દાખવીને સાસરી પક્ષના ચાર સભ્યો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે સ્ત્રી અત્યાચાર અને મારપીટની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# જાફરાબાદના ભાડા ગામમાં ઘરે આવતા મહેમાનો બાબતે ડખો

જાફરાબાદ, તા. ૬

તાલુકાના ભાડા ગામે સામાજિક સંબંધો રાખવા જેવી સામાન્ય બાબતે પાડોશી કે સામાવાળા પક્ષે હિંસક વલણ અપનાવ્યું હોવાની ઘટના સામે આવી છે. ફરિયાદીના ઘરે ખબર-અંતર પૂછવા આવતા સંબંધીઓ અને ગામના લોકોની અવરજવર સામાવાળાને ન ગમતા, ઝઘડો કરી મારપીટ કરવામાં આવી હતી.આ અંગે બેબીબેન દેવાભાઈ રાઠોડ (ઉ.વ.૬૦)એ કલ્પેશભાઈ દેવાભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના ઘરે જ્યારે ગામના લોકો અથવા સગા-સંબંધીઓ ખબર પૂછવા માટે આવતા, ત્યારે આરોપીને ગમતું નહોતું. તેઓ ત્યાં ન રહે અથવા કોઈની સાથે સંબંધ ન રાખે તેમ ઈચ્છતા હતા આ બાબતની ઈર્ષ્યા અને મનદુઃખ રાખીને વિવાદ ઊભો કરવામાં આવ્યો હતો. ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા સામાવાળાએ ફરિયાદી સાથે ગાળાગાળી કરી હતી. તેમને ગાળો આપી અપમાનિત કર્યા હતા. તેમજ ઢીકાપાટુનો આડેધડ માર મારીને શરીરે ગંભીર મૂઢ માર માર્યો હતો. ઉપરાંત શારીરિક ઈજાઓ પહોંચાડી ભયનું વાતાવરણ ઊભું કર્યું હતું.










## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૬૬/૨૫** **તા.૧૦/૧૨/૨૦૨૫**

વિવાદી :- શ્રી વિજયભાઈ બટુકભાઈ ઝીંઝુવાડીયા, મુ.બગીચા પ્લોટ, તા.જી.અમરેલી
અરજદારશ્રીના વિ.વ.શ્રી એસ.એસ.અમીર-એડવોકેટ લાઠી

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ -મરણ નોંધણી અધિકારી- વ- ચિફ ઓફિસરશ્રી
મુ.લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

**// નોટીસ //**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. લાઠી ગામના રહિશ આ કામના અરજદારશ્રીનો જન્મ તા.૩૦/૦૧/૧૯૭૬ ના રોજ લાઠી, તા.લાઠી, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/ જન્મની નોંધ કરવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૫/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૨૬૧/૨૦૨૫

**પ્રતિ,**
શાંતીભાઈ વિરજીભાઈ પરમાર,
રહે.માલશ્રમ, ગામ-માલશ્રમ, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત માલશ્રમ, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના માલશ્રમ ગામના રહીશ **વિરજીભાઈ શામજીભાઈ પરમાર તથા દિવાળીબેન વિરજીભાઈ પરમારના પુત્રી દિવ્યાબેન વિરજીભાઈ પરમારનો** જન્મ **તારીખ:૦૧/૦૪/૧૯૮૮** ના રોજ કોડીનાર તાલુકાના માલશ્રમ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત માલશ્રમ, તાલુકો-કોડીનાર સને-૧૯૮૮ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૨૫૯/૨૦૨૫

**પ્રતિ,**
સોરઠીયા જુબેદાબેન હસનભાઈ,
રહે.મેમણ કોલોની, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કંટાળા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ આમદ ગન્ની સોરઠીયા તથા આયશાબેન આમદ સોરઠીયાના પુત્રી **જુબી આમદ સોરઠીયાનો** જન્મ **તારીખ:૦૧/૦૬/૧૯૫૭** ના રોજ કોડીનાર તાલુકાના કંટાળા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કંટાળા, તાલુકો-કોડીનાર સને-૧૯૫૭ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૧૩૬/૨૦૨૫

અરજદારશ્રીઃ- રાજુભાઈ રામભાઈ સાંખલા,
રે.નાળ, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ- ૧. તકમશ્રી નાળ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતાશ્રી મોંઘીબેન રામભાઈ સાંખલાનું મરણ તા.૧૩/૦૮/૧૯૯૩ ના રોજ મુ.નાળ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૦/૦૨/૨૦૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૩/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# અમરેલીના ફતેપુર ગામે યુવતી પર હુમલો : બંને પક્ષોની સામસામી ફરિયાદ

અમરેલી, તા. ૦૬

અમરેલી જિલ્લાના ફતેપુર ગામમાં આંગણવાડી તેડાગર તરીકે નોકરી કરતી ધ્રુવિતાબેન જગદીશભાઇ પરમારે દયાબેન કમલેશભાઇ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, તેમની અને તેના પરિવાર સાથે આરોપી અવારનવાર બોલાચાલી અને ઝઘડો કરતા હતા. આ સતત થતી હેરાનગતિ અંગે તેમણે અગાઉ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ બાબતની દાઝ રાખીને આરોપીએ હિંસક હુમલો કર્યો હતો.આરોપીએ તેમના માથાના તેમજ શરીરના અન્ય ભાગોએ ઢીકાપાટુનો આડેધડ માર માર્યો હતો. હુમલા દરમિયાન આરોપીએ તેમના બંને હાથ પર નાખોરીયા ભરીને લોહીલુહાણ કરી ઈજા પહોંચાડી હતી. જ્યારે અન્ય એક વ્યક્તિ વચ્ચે બચાવવા પડ્યા, ત્યારે આરોપીએ તેમને પણ મૂંઢમાર મારી નાખોરીયા ભરી દીધા હતા. હુમલો કર્યા બાદ આરોપીએ તેમને અને સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.ત્યાર બાદ દયાબેન કમલેશભાઇ રાઠોડ (ઉ.વ.૩૫) એ જગદીશભાઇ બચુભાઇ પરમાર, ધ્રુવિતાબેન, પ્રિયાબેન અને અપેક્ષાબેન સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, જગદીશભાઈ પરમારે તેમના વાડામાં જવાના રસ્તામાં ખાડો ખોદ્યો હતો. જેથી તેમણે ખાડો બુરી દેવાનું કહેતા સારું નહોતું લાગ્યું અને ઉશ્કેરાઈ જઈ ગાલ ઉપર બે જાપટો મારી પેટ ઉપર બે લાત મારી પેટમાં મુંઢ ઈજાઓ કરી હતી

# ધારી એસ.ટી.ડેપો ખાતે પીએસઆઈની હાજરીમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરાઈ

**તજજ્ઞો દ્વારા માર્ગ અકસ્માત અટકાવવા માટે સુચનાઓ આપવામાં આવી**

ધારી,તા.૦૬



ધારી પોલીસ વિભાગ દ્વારા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી ધારી એસટી ડેપો ખાતે યોજવામાં આવી હતી. આ કાર્યક્રમ ધારી પોલીસ વિભાગના પીએસઆઇ રાઠોડનાં અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ જનસામાન્યમાં માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમો અંગે જાગૃતિ લાવવાનો રહ્યો હતો. આ પ્રસંગે પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત તજજ્ઞો દ્વારા માર્ગ અકસ્માતો અટકાવવા, હેલ્મેટ અને સીટબેલ્ટના ઉપયોગ તેમજ ટ્રાફિક નિયમોના પાલન અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એસટી ડેપો ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકોએ હાજરી આપી માર્ગ સલામતી અંગે માહિતગાર થયા હતા.

# વિજપડી ગામના બે વરસથી પાણી પત્રક નહી થતા ખેડૂતોને ભારે હાલાકી

**ખેડૂતોની વારંવાર રજૂઆત બાદ પણ કોઈ કાર્યવાહી નહી**

સાવરકુંડલા, તા.૬

સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામના બે વરસ થી પાણી પત્રક કાર્યવાહી નહીં થવાથી ખેડૂતોને બેંક માં લોન મેળવવા આપવા સારૂ તાલુકા મથકેથી તલાટી કમ મંત્રી પાસે દાખલા મેળવવા ધક્કા ખાવા પડે છે. અગાઉના વર્ષોમાં પણ પાણી પત્રક ત્રણ વરસ સુધી થયેલ નહીં અને તાલુકા મથકે રજૂઆત કરવા બાદ પાણી પત્રક થવામાં આવેલ છે. આ બાબતે ધારાસભ્ય દ્વારા નોંધ લઈ તાકીદે કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી હતી. જો કે પાણી પત્રક બાબતે જવાબદાર તંત્ર સમક્ષ વારંવાર રજૂઆત કરવામાં આવે છે, પરંતુ ખેડૂતોનો અવાજ બહેરા કાને અથડાઈને પાછો આવે છે. ખેડૂતોની મુશ્કેલીને ધ્યાને રાખી તાત્કાલિક પાણી પત્રક કાઢવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.


# રોટરી કલબ ઓફ અમરેલી ગીર દ્વારા ૫૫૦૦થી વધુ વિદ્યાર્થીઓની આંખની તપાસ કરાઈ

અમરેલી, તા.૬



રોટરી કલબ ઓફ અમરેલી ગીર દ્વારા રોટરેક્ટ કલબ ઓફ અમરેલી ગીરના સહયોગથી અમરેલી શહેરની વિવિધ શાળાઓમાં વિશાળ સ્તરે આંખની તપાસ શિબિરોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત અમરેલીની ૧૩થી વધુ શાળાઓમાં કુલ ૫,૫૦૦થી વધુ વિદ્યાર્થીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા વિદ્યાર્થીઓમાં નજરની ખામી (નંબર) સહિતની વિવિધ સમસ્યાઓની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમ્યાન જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને ૮૫૦થી વધુ નિઃશુલ્ક ચશ્મા (નંબરના ગ્લાસ) વિતરણ કરવામાં આવ્યા હતા. સમગ્ર પ્રોજેક્ટમાં દિવાળિબેન ટ્રસ્ટ – બારડોલી તથા રોટરી આઈ હોસ્પિટલ – નવસારીનો મહત્વપૂર્ણ સહયોગ મળ્યો હતો. આ પ્રોજેક્ટ દ્વારા વિદ્યાર્થીઓમાં આંખના સ્વાસ્થ્ય અંગે જાગૃતિ વધારી અને સર્વિસ અબવ સેલ્ફ ના રોટરીના આદર્શોને સાચા અર્થમાં સાર્થક કરવામાં આવ્યા હતા.

# ધારી-તુલસીશ્યામ રોડ પર ખુલ્લા કૂવામાં પડી જતા નીલગાયનું મોત



તસવીર : સંજય વાળા

ધારી,તા.૦૬

ધારી તાલુકાના તુલસીશ્યામ રોડ ઉપર આવેલા ખુલ્લા કૂવામાં અકસ્માતે નીલગાય પડી જતાં તેનું મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ થતા વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. નીલગાયને બહાર કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. લાંબી મહેનત બાદ કૂવામાંથી નીલગાયને બહાર કાઢવામાં આવી, પરંતુ ત્યાં સુધીમાં નીલગાયનું મોત નિપજ્યુ હતુ. ખુલ્લા કૂવામાં વન્યપ્રાણીઓ પડીને મોતને ભેટતા હોવાથી લોકોએ આ અંગે રોષ વ્યકત કર્યો છે.

# સા.કુંડલાના લીખાળા ગામે આધેડને ઢીકાપાટુ માર્યા

**ડેમમાં માછલી પકડતાં શખ્સો અપશબ્દો બોલતા હતા**

સાવરકુંડલા, તા.૬


સાવરકુંડલા તાલુકાના લીખાળા ગામે ડેમ કાંઠે ગાળો બોલવાની ના પાડવા જેવી સામાન્ય બાબતે ચાર શખ્સોએ ઉશ્કેરાઈ જઈ એક આધેડ પર હુમલો કરી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી હતી. દેવરાજભાઈ નાથાભાઈ ડાભી (ઉ.વ.૫૦)એ મહેશ ગોરધનભાઈ વાઘેલા, સુરેશ ગોરધનભાઈ વાઘેલા, દિપક ગોરધનભાઈ વાઘેલા તથા હરેશ ભનુભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ અને તેમની પુત્રી પોતાની વાડી પાસે આવેલા નેરામાં બળતણ માટે લાકડા વીણવા ગયા હતા. આ સમયે ડેમમાં માછલા પકડી રહેલા ચાર શખ્સો મોટે-મોટેથી ગાળો બોલી રહ્યા હતા. તેમણે આ શખ્સોને ગાળો બોલવાની મનાઈ કરતા મામલો બિચક્યો હતો.ગાળો બોલવાની ના પાડતા ચારેય આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ફરિયાદીને જેમ ફાવે તેમ ગાળો ભાંડી હતી.

ત્યારબાદ આરોપીઓએ તેમની સાથે ઝપાઝપી કરી ઢીકાપાટુનો માર માર્યો હતો, જેના કારણે ફરિયાદી ડેમ કાંઠે આવેલા મોટા કુંડમાં પડી ગયા હતા. તેઓ જ્યારે કુંડમાંથી બહાર નીકળ્યા ત્યારે ત્રણ આરોપીઓએ તેમને પકડી રાખ્યા હતા અને એક આરોપીએ કુહાડાની મુંધરાટીનો ઘા ફરિયાદીના ડાબા પગે ગોઠણ નીચે મારી ગંભીર ઈજા પહોંચાડી હતી.

આ હુમલા બાદ આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.આ મામલે ફરિયાદીએ ચારેય આરોપીઓ વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

# બાબરામાં આધુનિક સુવિધાઓથી સજ્જ નવું સામુહિક આરોગ્ય કેન્દ્ર તાત્કાલિક મંજૂર કરવા રજૂઆત

બાબરા,તા.૦૬



બાબરામાં વર્ષો જુનું સામુહિક આરોગ્ય કેન્દ્ર હાલ અત્યંત જર્જરિત હાલતમાં છે. આ કેન્દ્રમાં જરૂરી આધુનિક સુવિધાઓનો અભાવ છે. કેન્દ્રની જગ્યા ખૂબ જ નાની હોવાથી દર્દીઓને પૂરતી અને યોગ્ય સારવાર મળી શકતી નથી. તેના પરિણામે દર્દીઓને ફરજિયાત બહારગામ રીફર કરવામાં આવે છે, જેના કારણે સમય અને પૈસાનો વ્યર્થ ખર્ચ થાય છે ,તેમજ દર્દીઓના જીવને પણ ગંભીર જોખમ ઊભું થાય છે. બાબરા તાલુકામાં કુલ ૫૯ ગામોનો સમાવેશ થાય છે, શહેર તથા તાલુકાની કુલ વસ્તી આશરે દોઢ લાખથી વધુ છે. ઉપરાંત, નજીકમાં રાજકોટ–ભાવનગર નેશનલ હાઈવે હોવાથી અવારનવાર ગંભીર અકસ્માતો સર્જાય છે. સમયસર અને પૂરતી સારવાર ન મળવાને કારણે અનેક વખત દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓ બનતી હોવાનું જોવા મળે છે. બાબરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી મુન્નાભાઈ મલકાણ દ્વારા પણ લોકોના હિતમાં અગાઉ સરકારમાં વારંવાર રજૂઆત કરવામાં આવી છે. અત્યારની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખી, બાબરા શહેરમાં આધુનિક સુવિધાઓથી સજ્જ નવું સામુહિક આરોગ્ય કેન્દ્ર તાત્કાલિક મંજૂર કરી તેનું નિર્માણ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

# કેરાળા ગામે જમવા બાબતે ઠપકો દેતા પત્નીએ ઝેરી દવા પીધી

લાઠી, તા. ૦૬

લાઠીના કેરાળા ગામે એક પરપ્રાંતિય દંપતિ મજૂરી અર્થે આવ્યું હતું. વાડીએ પતિએ જમવાનું કેમ નથી બનાવ્યું તેમ કહેતા પત્નીએ ઝેરી દવા પીધી હતી. આ અંગે મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના અદાબેન કમલેશભાઈ જુવાનસીંગ કટારાએ જાહેર કર્યા મુજબ, તેમના પતિ ગામમાંથી વાડીએ આવ્યા ત્યારે જમવાનું કેમ નથી બનાવ્યું તેમ કહીને ખીજાવા લાગ્યા હતા. જેથી તેમને મનમાં લાગી આવતા પોતાની મેળે ફરજાની બાજુમાં પડેલી ખડમાં છાંટવાની ઝેરી દવાના ડબલા માંથી એક ઘૂંટડો પી લેતા સારવાર અર્થે ખસેડ્યા હતા. લાઠી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.કે.પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.


BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?

નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ અરજી નં.૭૮/૨૦૨૫

અરજદાર :- શ્રી સયૈદ મહમદભાઈ કેશરભાઈ,
રહે. પોલીસ લાઈન પાછળ, કપીલા હનુમાજી મંદીર સામે,
તા.બાબરા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ. અમરેલી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સયૈદ મહમદભાઈ કેશરભાઈ તેમની પુત્રીશ્રી ફરીદા મહમદભાઈ સયૈદનો જન્મ (તા.૧૨/૦૨/૧૯૮૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૫/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.એમ.તલાટી)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ અરજી નં.૮૦/૨૦૨૫

અરજદાર :- શ્રી આરિફભાઈ અબુબકરભાઈ સિદીકી,
રહે. ૮-બી, સુભાષનગર, આમ્રપાલી સિનેમા પાછળ, રાજકોટ.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ. અમરેલી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં આરિફભાઈ અબુબકરભાઈ સિદીકી તેમના પુત્રશ્રી મોબશશીર આરિફભાઈ સિદીકીનો જન્મ (તા. ૨૪/૦૬/૨૦૦૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૫/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(હરેશ તલાટી)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૫૭/૨૫ — તા.૦૩/૧૨/૨૦૨૫**

વિવાદી :- શ્રી હસીનાબેન રસુલભાઈ સખીરાણા, મુ.સેતાપાટી, તા.લાઠી, જી.અમરેલી
મો.૬૩૫૧૨૩૭૦૩૭
અરજદારશ્રીના વિ.વ.શ્રી એસ.એસ.અમીર-એડવોકેટ-લાઠી મો.૯૮૯૮૪૧૪૭૪૨

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ -મરણ નોંધણી અધિકારી- વ- ચિફ ઓફિસરશ્રી
મુ.લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

**// નોટીસ //**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. લાઠી ગામના રહિશ આ કામના અરજદારશ્રીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ ના રોજ લાઠી, તા.લાઠી, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/ જન્મની નોંધ કરવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૮/૧૧/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવાં આવશે.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૫૫/૨૫ — તા.૦૩/૧૨/૨૦૨૫**

વિવાદી :- શ્રી હમીદાબેન જબારભાઈ ખારાણી,
ઠે. ગોદડીયાનગર-૫, નારાયણનગર, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૮૨૪૮૭૭૪૭૯
અરજદારશ્રીના વિ.વ.શ્રી એસ.એસ.અમીર-એડવોકેટ-લાઠી, મો.૯૮૯૮૪૧૪૭૪૨

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ -મરણ નોંધણી અધિકારી- વ- ચિફ ઓફિસરશ્રી
મુ.લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

**// નોટીસ //**

(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. લાઠી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના માતાશ્રી આયશાબેન ઉમરભાઈ ગીગાણીનું મરણ તા.૦૪/૦૩/૨૦૦૮ ના રોજ લાઠી, તા.લાઠી, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/ મરણની નોંધ કરવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૪/૧૧/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવાં આવશે.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

**તંત્રી લેખ**

# ૨૦૨૬ એટલે ચૂંટણી વર્ષ

આ વર્ષે ભારતમાં અને વિશ્વમાં મોટાભાગના દેશોમાં એક યા બીજા પ્રકારે નાની મોટી ચુંટણીઓ યોજાવાની છે.૨૦૨૬નું વર્ષ ભારત અને દુનિયા બંને માટે લોકશાહી દ્રષ્ટિએ ખૂબ જ મહત્વનું સાબિત થવાનું છે. એક જ વર્ષે ભારતના પાંચ મોટા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી અને સાથે સાથે દુનિયાના ૩૬થી વધુ દેશોમાં સામાન્ય ચૂંટણીઓ થવી એ માત્ર સંયોગ નથી, પરંતુ બદલાતી રાજકીય દિશા અને જનમાનસના મૂડનો સંકેત પણ છે. ચૂંટણી માત્ર સત્તા બદલવાની પ્રક્રિયા નથી, તે જનતાની આશાઓ, અસંતોષ અને ભવિષ્યની અપેક્ષાઓ વ્યક્ત થવાનું માધ્યમ છે.

ભારતમાં ૨૦૨૬માં પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પોંડીચેરીમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાશે. આ પાંચ રાજ્યો મળીને દેશની લગભગ ૧૭ ટકા વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે. એટલે આ ચૂંટણીના પરિણામો માત્ર રાજ્ય પૂરતા સીમિત નહીં રહે, પરંતુ રાષ્ટ્રીય રાજકારણ પર પણ તેની અસર પડશે. ખાસ કરીને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી આ પહેલી મોટી રાજકીય કસોટી ગણાશે.

પશ્ચિમ બંગાળમાં છેલ્લા ૧૪ વર્ષથી મમતા બેનર્જી અને તેમની તૃણમૂલ કોંગ્રેસનું પ્રભુત્વ છે. જો ૨૦૨૬માં ફરીથી તેમની જીત થાય તો મમતા બેનર્જી સતત ચોથી વખત મુખ્યમંત્રી બનશે, જે ભારતીય રાજકારણમાં એક નવો ઈતિહાસ હશે. બંગાળમાં ભાજપ સતત પોતાની પકડ મજબૂત કરવાની કોશિશ કરી રહી છે, પરંતુ મમતા બેનર્જીની લોકપ્રિયતા, પ્રાદેશિક અસ્મિતા અને કેન્દ્ર સામેના તેમના આક્રમક વલણને કારણે લડાઈ સરળ નથી. આ ચૂંટણી એ પણ બતાવશે કે શું બંગાળની જનતા સતત એક જ નેતૃત્વ પર વિશ્વાસ રાખશે કે પછી બદલાવ ઈચ્છે છે.

આસામમાં ભાજપ છેલ્લા દસ વર્ષથી સત્તામાં છે અને હવે ત્રીજા કાર્યકાળ માટે પ્રયાસ કરી રહી છે. સરહદી રાજ્ય હોવાને કારણે બાંગ્લાદેશી ઘૂસણખોરી, સુરક્ષા, નાગરિકતા અને આસામી ઓળખ જેવા મુદ્દા અહીં કેન્દ્રમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વારંવારના પ્રવાસો એ સૂચવે છે કે ભાજપ આ રાજ્યને ખૂબ જ મહત્વ આપે છે. સામે પક્ષે કોંગ્રેસ અને અન્ય પ્રાદેશિક પક્ષોનું ગઠબંધન ભાજપ માટે પડકાર ઉભો કરી શકે છે. આ ચૂંટણી એ પણ નક્કી કરશે કે શું ભાજપની વિકાસ અને રાષ્ટ્રવાદની રાજનીતિ અહીં હજુ પણ અસરકારક છે કે નહીં.

તમિલનાડુ અને કેરળ એવા રાજ્યો છે જ્યાં ભાજપ આજ સુધી વિધાનસભા ચૂંટણીમાં સફળતા મેળવી શકી નથી. તમિલનાડુમાં છેલ્લા છ દાયકાથી દ્રવિડિયન રાજકારણ હાવી રહ્યું છે. ડીએમકે અને એઆઈએડીએમકે વચ્ચેની લડાઈમાં ભાજપને હંમેશા ગૌણ ભૂમિકા મળી છે. હવે એઆઈએડીએમકે સાથે સંભવિત ગઠબંધન અને ફિલ્મસ્ટાર વિજયની નવી પાર્ટીના પ્રવેશથી રાજકારણ વધુ જટિલ બન્યું છે. અહીં ભાજપ માટે આ ચૂંટણી માત્ર જીત માટે નહીં, પરંતુ પોતાની હાજરી મજબૂત કરવાની લડાઈ પણ છે.

# અમરેલીમાં સાંસદ પરષોતમ રૂપાલા આયોજિત સાંસ્કૃતિક સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લામાં સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ વર્ષે આયોજિત સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા–૨૦૨૬માં કુલ ૩૨૮૭ સ્પર્ધકોએ ભાગ લઈ રેકોર્ડ સર્જ્યો છે.નૂતન મિડલ સ્કૂલ, અમરેલી ખાતે આયોજિત આ સ્પર્ધાનું ઉદ્ઘાટન પરશોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્ઘાટક તરીકે ઈફકો, એન.સી.યુ.આઈ. તથા ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મદદ ટ્રસ્ટ, અમરેલી વતી અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાએ સૌનું સ્વાગત કર્યું હતું. આ સ્પર્ધામાં અમરેલી જિલ્લાના યુવા કલાકારોમાં રહેલી સુષુપ્ત પ્રતિભાને બહાર લાવવા માટે કુલ ૨૦ વિવિધ સ્પર્ધાઓનું આયોજન ત્રણ વય જૂથમાં (૮ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૯ વર્ષ અને ૩૦ વર્ષથી ઉપર) કરવામાં આવ્યું હતું.



રાસ, ગરબા, લોકગીત, ભજન, શાસ્ત્રીય નૃત્ય, લોકવાદ્ય, સુગમ સંગીત, ફટાણા સહિતની વિવિધ કલાઓમાં સ્પર્ધાઓ યોજાઈ હતી. ખાસ કરીને ફટાણા સ્પર્ધાનું પ્રથમ વખત સ્વતંત્ર આયોજન કરવામાં આવ્યું હતું. ફટાણાની સ્પર્ધામાં ૧૩૨ સ્પર્ધકોએ નોંધણી કરાવી હતી.રાજકોટના સાંસદ, પરષોત્તમભાઈ રૂપાલાએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, આ સાંસ્કૃતિક સ્પર્ધા માત્ર એક વ્યક્તિની નહીં પરંતુ સમગ્ર અમરેલી જિલ્લાની સ્પર્ધા છે. જિલ્લાના કલાકારોની કલાને આગળ વધારવી અને સાંસ્કૃતિક વારસાને સંવર્ધિત કરવું એ સૌની સામૂહિક જવાબદારી છે. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર તથા આવાગમન ખર્ચ આપવામાં આવ્યો હતો. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર સ્પર્ધકોને સાવકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સહિતના ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના બાળ વિજેતાઓને આગામી દિવસોમાં શિવરાત્રિમાં ઈશ્વરીયા મુકામે યોજાતા લોકડાયરામાં મંચ આપવામાં આવશે. સ્પર્ધામાં, દિલિપભાઈ સંઘાણી, સ્પર્ધાના પરામર્શક ડો. કેતન કાનપરીયા, જિલ્લા યુવા વિકાસ અધિકારી વિક્રમસિંહ પરમારનું સન્માન કરવામાં આવ્યું હતું.

# રાજુલામાં APM ટર્મિનલ અને ગાયત્રી શક્તિપીઠ દ્વારા ૧૧ જાન્યુઆરીએ મફત નેત્ર નિદાન કેમ્પ

રાજુલા, તા.૦૬

રાજુલામાં ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે ભારત સરકારના રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

એપીએમ ટર્મિનલ પીપાવાવ, જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી અને ગાયત્રી શક્તિપીઠના સંયુક્ત ઉપક્રમે યોજાનાર આ કેમ્પ ખાસ કરીને આર્થિક રીતે નબળા, અશક્ત અને ગરીબ વર્ગના દર્દીઓ માટે લાભદાયી બનશે. કેમ્પમાં આંખોની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે તેમજ મોતિયાબિંદુના દર્દીઓને વિનામૂલ્યે ઓપરેશન સહિતની તમામ સુવિધાઓ આપવામાં આવશે.

ઓપરેશન માટે પસંદ થયેલા દર્દીઓ માટે હોસ્પિટલમાં રહેવા, ભોજન, દવાઓ તથા આવન-જાવનની વ્યવસ્થા આયોજકો દ્વારા કરવામાં આવશે. આ કેમ્પ ૧૧ જાન્યુઆરી ૨૦૨૬, રવિવારના રોજ સવારે ૮થી બપોરે ૧૨.૩૦ વાગ્યા સુધી ગાયત્રી શક્તિપીઠ, રાજુલા ખાતે યોજાશે. આયોજકોએ આસપાસના વિસ્તારોના નાગરિકોને આ સુવર્ણ તકનો લાભ લેવા અપીલ કરી છે.

# સા.કુંડલામાં પત્નીની હયાતીમાં જ પતિએ બીજા લગ્ન કરતાં મામલો કોર્ટમાં પહોંચ્યો

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલામાં રહેતા એક શખ્સે પત્નીની હયાતીમાં જ તેને જાણ કર્યા વગર બીજા લગ્ન કરી લીધા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. પ્રથમ પત્નીએ પિયર ગયા બાદ પતિએ અન્ય યુવતી સાથે લગ્ન કરી સંસાર શરૂ કરી દીધો હોવાનું સામે આવતા પીડિતાએ ન્યાય માટે પોલીસ અને કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. હાલ બગસરાના લુંઘીયા ગામે રહેતા ઈલાબેન ભુપતભાઈ ખુમાણ (ઉ.વ.૫૪)એ ભુપતભાઈ બાબુભાઈ ખુમાણ સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, આ કેસના ફરિયાદી મહિલાના લગ્ન તા. ૧૧/૦૨/૧૯૯૬ના રોજ સાવરકુંડલાના ભુપતભાઈ બાબુભાઈ ખુમાણ સાથે હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ મુજબ થયા હતા. લગ્ન બાદ શરૂઆતના બે મહિના ઘર સંસાર સારી રીતે ચાલ્યો હતો, પરંતુ ત્યારબાદ પતિ દ્વારા અવારનવાર ગાળાગાળી અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું. પતિનો આ ત્રાસ સહન ન થતા મહિલા પોતાના પિયર લુંઘીયા (ખાતે રહેવા આવી ગઈ હતી.ફરિયાદી મહિલા પિયર હતી તે દરમિયાન, વર્ષ ૨૦૦૫માં તેના પતિ ભુપતભાઈએ પત્નીની હયાતીમાં જ સાવરકુંડલાના ધીરૂભાઈ વરૂની દીકરી ઉર્મીલાબેન સાથે બીજા લગ્ન કરી લીધા હતા. આ બીજા લગ્નજીવનથી તેમને બે સંતાનો પણ થયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# બગસરાના આંગણે મોરારીબાપુની કથા યોજાશે

બગસરા,તા.૦૬

બગસરા ખાતે સમર્થ સાહિત્યકાર, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની પુણ્ય સ્મૃતિમાં ૭ થી ૧૫ માર્ચ ૨૦૨૬ દરમિયાન પૂ. મોરારીબાપુના શ્રીમુખે દિવ્ય 'માનસ મેઘાણી' કથાનું આયોજન થયું છે. કથાનું વિશેષ મહત્વ એ છે કે, ૯ માર્ચના રોજ મેઘાણીબાપાની ૭૯મી



તસવીર : હાર્દિક બામટા

પુણ્યતિથિ છે.

ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી મેઘાણી અને લોકગાયક અભેસિંહ રાઠોડે ચિત્રકૂટધામ ખાતે પૂ. બાપુની મુલાકાત લઈ આભાર માન્યો હતો. કથાના મનોરથી અમેરિકા સ્થિત હર્ષાબા ગોહિલ છે. પિનાકી મેઘાણીએ બાપુને ચોટીલા (જન્મભૂમિ) અને ધંધુકા (શૌર્યભૂમિ) જેવા ઐતિહાસિક મેઘાણી સ્મૃતિ સ્થળોની મુલાકાત લેવા ભાવભરી વિનંતી કરી છે. ગત વર્ષે બાપુ રાજકોટની મેઘાણી પ્રાથમિક શાળાની મુલાકાતે પધાર્યા હતા.

**તા.૭થી ૧૫ માર્ચ સુધી મોરારીબાપુ કથાનું રસપાન કરાવશે**

# સા.કુંડલાના વીજપડીના બસ સ્ટેશનમાં સાઈન બોર્ડ લગાડવા મુસાફરોની માંગ

**સાઈન બોર્ડના અભાવે મુસાફરોને પડતી હાલાકી**

વીજપડી,તા.૦૬

સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે માર્ગ ડેવલપમેન્ટના ભાગરૂપે બસ સ્ટેશન પરના ગેરકાયદેસર કેબિનો હટાવવામાં આવતાં સ્ટેશનનો દેખાવ અંધકારમય બન્યો છે. નવા એસ.ટી. ડ્રાઈવરોને રાત્રિના સમયે બસ સ્ટોપ ઓળખવામાં મુશ્કેલી પડતાં સાવરકુંડલા તરફથી આવતી બસો મુસાફરોને બસ સ્ટોપને બદલે આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન સામે ઉતારે છે. મુસાફરોને પડતી હાલાકીને ધ્યાને લઈને, માર્ગ અને મકાન વિભાગ તાત્કાલિક હનુમંત કોમ્પ્લેક્ષ પાસે રેડિયમ સાઈન બોર્ડ લગાવે તેવી વિજપડીના મુસાફર અમાન અલી રસભર્યા તરફથી ઉગ્ર માંગણી કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૩૦ | ૧૫૭૫ |
| ઘઉં લોકવન | ૫૦૨ | ૫૩૩ |
| ઘઉં ટુકડા | ૫૦૪ | ૬૫૦ |
| જુવાર સફેદ | ૮૯૦ | ૧૦૧૫ |
| જુવાર લાલ | ૮૦૦ | ૧૦૩૮ |
| જુવાર પીળી | ૨૪૦ | ૫૦૦ |
| બાજરી | ૩૫૦ | ૪૩૦ |
| તુવેર | ૯૭૦ | ૧૫૦૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૧૨૩ |
| ચણા સફેદ | ૧૧૬૦ | ૧૯૭૦ |
| અડદ | ૮૭૦ | ૧૫૩૦ |
| મગ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| વાલ દેશી | ૮૫૦ | ૧૦૩૫ |
| ચોળી | ૪૦૦ | ૧૫૯૦ |
| મઠ | ૧૦૫૦ | ૧૯૫૧ |
| વટાણા | ૪૦૦ | ૧૩૦૦ |
| કળથી | ૩૨૫ | ૪૨૫ |
| રાજમા | ૫૦૦ | ૧૬૨૨ |
| મગફળી જાડી | ૧૦૮૦ | ૧૩૫૫ |
| મગફળી જીણી | ૧૧૧૫ | ૧૪૨૫ |
| અળશી | ૧૭૦૦ | ૧૭૦૦ |
| તલી | ૧૭૦૦ | ૨૧૮૫ |
| એરંડા | ૧૦૩૧ | ૧૨૫૪ |
| અજમો | ૧૦૦૦ | ૧૯૦૦ |
| સોયાબીન | ૮૮૫ | ૯૯૦ |
| સીંગફાડા | ૯૧૫ | ૧૬૦૮ |
| કાળા તલ | ૩૨૨૦ | ૫૦૫૦ |
| લસણ | ૧૧૪૦ | ૧૬૧૫ |
| ધાણા | ૧૩૨૦ | ૧૯૫૧ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૪૪૦૦ |
| ધાણી | ૧૬૦૦ | ૧૯૭૫ |
| વરીયાળી | ૧૨૨૫ | ૧૭૧૦ |
| જીરૂ | ૩૮૧૧ | ૪૨૮૦ |
| રાય | ૧૫૫૦ | ૧૯૫૦ |
| મેથી | ૯૯૫ | ૧૩૭૫ |
| ઇસબગુલ | ૧૬૦૦ | ૨૨૪૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૫૦ |
| રજકાનું બી | ૪૭૦૦ | ૭૨૦૦ |
| ગુવારનું બી | ૧૦૨૦ | ૧૧૪૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૨૫૪ | ૫૭૭ |
| પપૈયા | ૮૩ | ૧૦૭ |
| બટેટા | ૧૦૬ | ૩૬૪ |
| ડુંગળી સુકી | ૬૫ | ૨૮૧ |
| ટમેટા | ૪૧૩ | ૮૨૪ |
| સુરણ | ૫૯૬ | ૭૭૪ |
| કોથમરી | ૨૦૨ | ૩૧૦ |
| મુળા | ૨૨૫ | ૩૨૧ |
| રીંગણા | ૧૦૨ | ૨૯૨ |
| કોબીજ | ૯૮ | ૧૪૩ |
| ફ્લાવર | ૨૦૧ | ૩૦૯ |
| ભીંડો | ૭૯૩ | ૯૯૭ |
| ગુવાર | ૧૨૧૭ | ૧૬૦૯ |
| ચોળાસીંગ | ૮૧૧ | ૧૧૭૯ |
| વાલોળ | ૨૦૮ | ૪૧૧ |
| ટીંડોળા | ૪૩૧ | ૭૧૪ |
| દુધી | ૯૫ | ૨૬૮ |
| કારેલા | ૮૧૯ | ૧૦૧૭ |
| સરગવો | ૧૬૩૦ | ૨૩૯૮ |
| તુરીયા | ૭૫૮ | ૮૮૭ |
| પરવર | ૯૭૬ | ૧૨૮૫ |
| કાકડી | ૬૧૪ | ૮૨૩ |
| ગાજર | ૨૧૮ | ૩૭૬ |
| વટાણા | ૩૭૧ | ૪૮૨ |
| તુવેરસીંગ | ૩૭૨ | ૫૨૬ |
| ગલકા | ૪૨૩ | ૬૫૨ |
| બીટ | ૬૨ | ૧૫૧ |
| મેથી | ૧૦૩ | ૧૯૨ |
| વાલ | ૫૫૯ | ૭૮૧ |
| ડુંગળી લીલી | ૩૧૧ | ૪૩૨ |
| આદુ | ૮૮૪ | ૧૧૧૫ |
| ચણા લીલા | ૧૧૮ | ૩૯૩ |
| મરચા લીલા | ૫૭૨ | ૭૫૩ |
| હળદર લીલી | ૩૮૩ | ૫૭૬ |
| લસણ લીલું | ૬૧૫ | ૮૨૭ |
| મકાઇ લીલી | ૨૦૩ | ૨૯૮ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૧ | ૧૫૯૧ |
| ઘઉં લોકવન | ૫૦૮ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૮૮ |
| મગફળી જીણી | ૧૦૭૧ | ૧૩૭૧ |
| સિંગદાણા જાડા | ૧૩૪૧ | ૧૬૦૧ |
| સિંગ ફાડીયા | ૯૦૧ | ૧૫૪૧ |
| એરંડા / એરંડી | ૧૦૪૧ | ૧૩૫૧ |
| જીરૂ | ૩૨૫૧ | ૪૩૬૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૦૬ |
| લસણ સુકું | ૬૦૧ | ૧૬૪૧ |
| ડુંગળી લાલ | ૮૬ | ૪૧૬ |
| અડદ | ૯૫૧ | ૧૪૬૧ |
| મઠ | ૧૧૫૧ | ૧૧૫૧ |
| તુવેર | ૮૧૧ | ૧૪૩૧ |
| રાય | ૧૫૨૬ | ૧૫૨૬ |
| મેથી | ૬૭૬ | ૧૨૧૧ |
| કાંગ | ૫૪૧ | ૬૦૧ |
| મરચા | ૧૧૦૧ | ૫૨૦૧ |
| ગુવાર બી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મગફળી જાડી | ૧૦૨૧ | ૧૩૮૧ |
| નવા ધાણા | ૧૮૫૧ | ૧૮૫૧ |
| સફેદ ચણા | ૧૦૪૧ | ૧૯૦૧ |
| મગફળી ૬૬ | ૧૦૨૧ | ૧૫૩૧ |
| તલ - તલી | ૧૫૦૧ | ૨૧૫૧ |
| ધાણી | ૧૧૧૧ | ૧૯૧૧ |
| ડુંગળી સફેદ | ૧૮૧ | ૩૯૬ |
| બાજરો | ૩૫૧ | ૪૦૧ |
| મકાઇ | ૩૧૧ | ૪૩૧ |
| મગ | ૯૦૧ | ૧૮૩૧ |
| ચણા | ૯૦૧ | ૧૦૯૬ |
| વાલ | ૮૭૬ | ૯૭૧ |
| ચોળા / ચોળી | ૫૭૬ | ૧૨૨૬ |
| સોયાબીન | ૮૩૧ | ૧૦૦૧ |
| ગોગળી | ૯૦૦ | ૧૨૩૧ |
| વટાણા | ૧૧૭૬ | ૧૧૭૬ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૮૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૨૦ | ૨૦૦ |
| દુધી | ૨૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૩૮૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૮૦ | ૬૦૦ |
| ગાજર | ૧૬૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| તુવેર | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૩૦૦ | ૮૦૦ |
| વટાણા | ૨૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૪૦ |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| લીલી હળદર | ૧૮૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૧ | ૪ |
| કોથમીર પુરા | ૨ | ૩ |
| મૂળા પુરા | ૩ | ૭ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| હર્બૈઅિઝ્ | ૩૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૪૦૦ |
| મેથી પુરા | ૧ | ૪ |
| બીટ પુરા | ૩ | ૮ |
| સરગવો પુરા | ૫ | ૨૦ |
| ચોરા | ૧૮૦ | ૮૦૦ |
| કારેલા | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૧૦૦ | ૪૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૫ |
| પાલક પુરા | ૧ | ૨ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૩૩૫ |
| ગીરનાર શિંગ | ૧૦૨૫ | ૧૩૬૦ |
| શિંગ મોટી | ૮૧૫ | ૧૩૭૫ |
| શિંગ દાણા | ૧૦૦૦ | ૧૫૪૦ |
| તલ સફેદ | ૧૧૧૫ | ૨૧૭૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૩૧૫ |
| તલ કાશમીરી | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૮૫ |
| ઘઉં લોકવન | ૪૧૫ | ૫૪૫ |
| મગ | ૧૦૩૫ | ૧૮૨૫ |
| અડદ | ૬૦૦ | ૧૨૧૫ |
| ચણા | ૮૦૦ | ૧૦૫૫ |
| ચણા સફેદ | ૯૬૫ | ૧૧૩૦ |
| ચણા છોલે | ૧૮૦૦ | ૧૮૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કપાસ | ૭૫૦ | ૧૫૯૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૮૫ |
| જીરુ | ૩૬૦૦ | ૪૧૭૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૬૩૦ | ૨૧૪૫ |
| મેથી | ૭૦૦ | ૯૭૦ |
| સોયાબીન | ૮૨૫ | ૧૦૧૦ |
| મરચાં લાંબા | ૫૦૦ | ૪૬૬૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૩૫૦ |
| કોબીઝ | ૨૫૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૩૫૦ | ૪૫૦ |
| ટમેટાં | ૫૦૦ | ૯૦૦ |
| સુરણ | ૬૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૯૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૫૧૦ | ૬૧૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૧૨૧૦ | ૧૮૧૦ |
| વાલોળ | ૨૦૦ | ૨૫૦ |
| વટાણા | ૫૦૦ | ૬૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૧૦૧૦ | ૧૨૧૦ |
| આમળા | ૫૦૦ | ૬૦૦ |
| તુવેર | ૫૧૦ | ૬૧૦ |
| ભીડો | ૮૦૦ | ૯૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૨૫૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૨૫૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૫૧૦ | ૬૧૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલા | ૫૦૦ | ૭૦૦ |
| મરચાં લાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૨૧૦ | ૨૭૦ |
| લસણ લીલુ | ૯૧૦ | ૧૦૧૦ |
| લસણ સુકુ | ૬૦૦ | ૧૭૦૦ |
| પાલક | ૪૧૦ | ૫૧૦ |
| લીંબુ | ૩૧૦ | ૪૧૦ |
| મકાઈ | ૨૧૦ | ૩૧૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૭૫ |
| શીંગ મોટી | ૧૧૨૫ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૬૭૫ | ૨૨૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૫૯૭ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૨૦૩ |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૮૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૭૦ |
| બાજરો | ૩૫૦ | ૭૨૧ |
| મકાઈ | ૩૦૦ | ૫૦૫ |
| અડદ | ૭૦૦ | ૧૦૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૪૨ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૫૪ |
| એરંડી | ૧૦૫૦ | ૧૨૫૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૬૦૫ |
| સોયાબીન | ૮૭૦ | ૯૪૫ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૨૯૦ | ૧૬૦૪ |
| કપાસમીડીયમ | ૧૦૬૦ | ૧૨૯૦ |
| મગફળી | ૧૦૬૪ | ૧૩૭૬ |
| તલ સફેદ | ૧૫૧૦ | ૨૧૧૦ |
| તલ કાળા | ૩૨૧૦ | ૪૨૮૦ |
| જીરૂ | ૩૩૨૫ | ૪૨૧૫ |
| ઘઉં | ૪૭૦ | ૫૪૦ |
| ચણા | ૯૩૫ | ૧૦૩૫ |
| અડદ | ૯૩૦ | ૧૧૮૦ |
| સોયાબીન | ૭૯૫ | ૯૧૫ |
| તુવેર | ૯૭૦ | ૧૨૮૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૬૦૫ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૨ |
| ઘઉં ટુકડા | ૫૦૫ | ૫૨૬ |
| ચણા | ૭૦૦ | ૧૦૨૮ |
| ધાણા | ૧૪૦૦ | ૧૮૦૦ |
| મકાઈ | ૪૫૧ | ૪૫૧ |
| સોયાબીન | ૬૦૦ | ૯૫૧ |
| મગફળી | ૮૦૦ | ૧૨૨૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૩૭ |
| શીંગ દાણા | ૧૨૪૫ | ૧૪૧૫ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| લસણ | ૫૦૦ | ૬૦૫ |
| અડદ | ૭૦૦ | ૧૦૫૦ |
| તુવેર | ૧૦૦ | ૧૩૬૨ |
| મેથી | ૭૦૦ | ૭૦૦ |
| બાજરો | ૪૦૧ | ૪૦૧ |
| મગ | ૧૨૫૫ | ૧૨૫૫ |
| જીરૂ | ૩૦૦૫ | ૩૭૦૦ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૯૧ | ૧૫૪૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૦૧ |
| ચણા | ૯૫૦ | ૯૯૦ |
| અડદ | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ધાણા | ૧૬૦૫ | ૧૭૦૦ |
| શીંગ દાણા | ૧૧૩૦ | ૧૪૦૫ |
| સોયાબીન | ૮૧૫ | ૯૨૧ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૧૦૦ | ૧૩૪૦ |
| તલ સફેદ | ૧૫૧૫ | ૧૫૧૫ |
| તલ પીળા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૬ |
| બાજરો | ૩૫૦ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૪૬ |
| જુવાર | ૭૦૧ | ૧૦૪૨ |
| મગ | ૮૦૦ | ૨૯૫૨ |
| તુવેર | ૧૪૧૧ | ૧૪૧૧ |
| ચણા | ૫૩૧ | ૯૨૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૬૨ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૦ |
| ચણા | ૭૦૧ | ૯૯૬ |
| અડદ | ૮૦૧ | ૧૨૬૧ |
| તુવેર | ૮૦૧ | ૧૩૨૧ |
| મગફળી | ૭૦૧ | ૧૩૬૧ |
| સીંગફાડા | ૧૧૦૧ | ૧૩૧૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૭૯૧ |
| લસણ | ૨૦૧ | ૮૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૯૪૬ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી-જી૨૦ | ૧૨૦૦ | ૧૩૮૬ |
| મગફળી ૩૨ન | ૧૧૭૦ | ૧૩૮૩ |
| બાજરીહાઈબ્રીડ | ૩૨૫ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૨૫ |
| જુવાર | ૮૦૦ | ૯૯૬ |
| અડદ | ૯૦૦ | ૧૫૫૦ |
| મગ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૧ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૮૧૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૭૮૧ |
| સોયાબીન | ૯૧૧ | ૯૬૭ |
| કાંગ | ૪૧૧ | ૫૧૯ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૧૧૨૨ | ૧૩૨૩ |
| શીંગ ૩૯ | ૧૧૦૦ | ૧૨૭૯ |
| શીંગગીરનાર | ૧૧૫૦ | ૧૩૫૦ |
| શીંગ જી ૨૦ | ૧૧૨૦ | ૧૩૭૪ |
| જુવાર | ૨૫૨ | ૧૦૮૬ |
| બાજરી | ૩૬૧ | ૬૪૯ |
| ઘઉં ટુકડા | ૪૬૬ | ૬૫૯ |
| અડદ | ૧૦૨૫ | ૧૦૯૨ |
| દેશી મગ | ૭૬૭ | ૩૦૬૭ |
| સોયાબીન | ૮૦૧ | ૯૭૪ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૧૯ |
| તલ કાળા | ૨૧૫૨ | ૨૨૨૮ |
| તુવેર | ૧૨૮૦ | ૧૨૮૦ |
| લસણ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લાલ | ૭૨ | ૩૬૯ |
| ડુંગળી સફેદ | ૧૬૭ | ૩૦૮ |
| ડુંગળીસફેદ બી. | ૩૦૮ | ૫૬૦ |
| કપાસ શંકર | ૧૧૨૨ | ૧૫૦૧ |
| નાળીયેર | ૫૦૧ | ૨૦૭૪ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૧ | ૧૫૫૧ |
| મગફળી | ૧૧૪૦ | ૧૩૩૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૦૧ |
| સોયાબીન | ૯૨૧ | ૯૨૧ |
| અડદ | ૧૨૫૧ | ૧૨૫૧ |

**જામનગર**


| | | |
|---|---|---|
| જુવાર | ૭૦૦ | ૭૮૦ |
| બાજરો | ૩૦૦ | ૩૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૫ |
| મગ | ૮૦૦ | ૧૫૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળી | ૪૦૦ | ૬૦૫ |
| વાલ | ૩૦૦ | ૪૦૦ |
| ચણા | ૮૦૫ | ૧૧૦૫ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૧૮૫ |
| મગફળી ૬૬ન | ૧૧૦૦ | ૧૬૫૦ |
| મગફળી ૯ | ૧૧૦૦ | ૧૫૩૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૬૫ |
| તલ | ૧૪૦૦ | ૧૯૫૦ |
| લસણ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૫ |
| જીરૂ | ૩૨૦૦ | ૪૨૩૦ |
| અજમો | ૧૧૩૦ | ૩૯૬૦ |
| અજમાની ભુસી | ૬૦ | ૨૩૦૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૯૫૫ |
| મરચા | ૧૨૦૦ | ૨૦૬૦ |
| ડુંગળી સુકી | ૩૦ | ૩૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૯૬૭ |
| વટાણા | ૪૦૦ | ૪૬૦ |
| રાજમા | ૨૦૦ | ૪૪૦ |

સંજોગ ન્યૂઝ
# ઉત્સવ
બુધવાર, 07 જાન્યુઆરી, 2026



લાગે તો તીર :-બકા, તારી ભૂલ થાય છે. સરકારની આવી કોઈ યોજના જ નથી 06

## વેનેઝુએલા પર અમેરિકાએ કેમ હુમલો કર્યો ?



અમેરિકાએ વેનેઝુએલા પર હુમલો કરી દીધો.

અમેરિકન પત્રકાર ટકર કાર્લસને પોતાના ઓનલાઈન શો 'જજિંગ ફ્રીડમ'માં અઠવાડિયા પહેલાં દાવો કરેલો કે, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વેનેઝુએલા પર હુમલો કરી શકે છે અને આ વાત સાચી પડી છે. અમેરિકાના લશ્કરે શનિવારે વેનેઝુએલાના ચાર મોટાં શહેરો પર હુમલા કર્યા અને ગણતરીના કલાકોમાં તો વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્નીને કેદ કરી લીધા. ટ્રમ્પે લગભગ મહિના પહેલાં માદુરોને અઠવાડિયામાં વેનેઝુએલા છોડીને જતા રહેવા અલ્ટિમેટમ આપી દીધેલું પણ માદુરો આ અલ્ટિમેટમને ઘોળીને પી ગયેલા.

ટ્રમ્પે અઠવાડિયા પછી ક્રુડ ઓઈલનાં ટેન્કરોના વેનેઝુએલા આવવા-જવા પર પ્રતિબંધ મૂકીને સંપૂર્ણ નાકાબંધીનો આદેશ આપ્યો હતો. ટ્રમ્પે પોતાના સોશિયલ પ્લેટફોર્મ ટ્રુથ પર લખેલું કે વેનેઝુએલા અમેરિકાની સૌથી મોટા નૌકાદળની ઘેરાબંધીથી ઘેરાયેલું છે અને વેનેઝુએલા અમેરિકાના ચોરેલા ઓઈલ, જમીન અને અન્ય સંપત્તિઓ પાછી નહીં આપે તો નાકાબંધી વધશે. ટ્રમ્પે લશ્કરી જમાવટ કરેલી પણ માદુરો સામે કશું ના કર્યું તેથી સૌને લાગેલું કે, ટ્રમ્પ રાબેતા મુજબ ખાલી થૂંક ઉડાડી રહ્યા છે અને માદુરોને ડરાવી રહ્યા છે. ટ્રમ્પ ખાલી હૂલ આપ્યા કરશે એવું સૌને લાગતું હતું પણ ટ્રમ્પે સાચે જ હુમલો પણ કરી દીધો અને માદુરોને જેલભેગા પણ કરી દીધા. હવે અમેરિકા વેનેઝુએલામાં પોતાની કઠપૂતળી સરકાર બેસાડશે એ કહેવાની જરૂર નથી.

મજાની વાત એ છે કે, ટ્રમ્પ પોતાને શાંતિદૂત ગણાવે છે. દુનિયામાં ચાલતાં યુધ્ધો રોકાવવા માટે પોતે સક્રિય હોવાના ફાંકા મારે છે અને તેનાથી વિપરીત તેમણે હુમલો જ કરી દીધો. તેના પરથી સાબિત થાય છે કે, ટ્રમ્પ દાવા ગમે તે કરે પણ એ મૂળ આક્રમણખોર જ છે.

■■■

અમેરિકા કેમ વેનેઝુએલાનું દુશ્મન બન્યું ?

અમેરિકા અને વેનેઝુએલાની દુશ્મની અઢી દાયકા જૂની છે. આ દુશ્મનીના મૂળમાં વેનેઝુએલાના પેટ્રોલિયમ ભંડાર છે. વેનેઝુએલા ઓરિનોકો બેલ્ટમાં દુનિયામાં સૌથી મોટા પેટ્રોલિયમ ભંડાર ધરાવે છે. પહેલાં વેનેઝુએલાના પેટ્રોલિયમ ભંડારો પર અમેરિકાનો કબજો હતો પણ હ્યુગો શેવેઝે અમેરિકાને તગેડી મૂક્યું તેમાં સંબંધો બગડી ગયા. અમેરિકા વરસોથી આ ભંડારો ફરી કબજે કરવા મથે છે પણ વેનેઝુએલા મચક નથી આપતું તેથી અમેરિકા વેનેઝુએલામાં શાંતિ નથી થવા દેતું.

વેનેઝુએલામાં મોટા ભાગનો સમય સમાજવાદીઓનું શાસન રહ્યું તેથી અમેરિકા ઘૂસી નહોતું શકતું. સમાજવાદ સામ્યવાદનું જ સ્વરૂપ છે તેથી વેનેઝુએલાની સરકારોની નીતિઓ સામ્યવાદીઓ જેવી જ હતી એટલે અમેરિકાનો ગજ નહોતો વાગતો. ૧૯૭૪માં કાર્લોસ એન્ડ્રેઝ પેરેઝ સત્તા પર આવ્યા તેથી અમેરિકાને વેનેઝુએલામાં પગપેસારો કરવાની તક મળી ગઈ ને અમેરિકાએ ભરપૂર લાભ લીધો. પેરેઝ પોતાને લોકશાહી તરફી ગણાવતા ને વૈશ્વિક સ્તરે લોકશાહીતરફી એટલે અમેરિકા તરફી કહેવાય.

પેરેઝે વેનેઝુએલામાં પેટ્રોલિયમ ઉત્પાદન વધારીને વેનેધુએલાને સમૃધ્ધ કર્યું ને એ બહાને અમેરિકાની મોટી કંપનીઓને ઘૂસાડી દીધી. અમેરિકાની મોટી કંપનીઓએ પેરેઝના શાસનમાં પેટ્રોલિયમ ક્ષેત્ર પર વર્ચસ્વ સ્થાપી દીધું, બલ્કે કબજો જ કરી લીધો. લોકોને શરૂઆતમાં સમૃધ્ધિ સારી લાગી પણ ૧૯૯૦ના દાયકામાં તેની ખરાબ અસરો શરૂ થઈ તેથી સરકારની આર્થિક હાલત બગડવા માંડી હતી. દરમિયાનમાં ૧૯૮૯માં ફરી પેરેઝ પ્રમુખ બન્યા અને તેમણે અમેરિકા સામે શરણાગતિ જ સ્વીકારી લીધી. તેના કારણે અમેરિકાની કંપનીઓ તગડી થઈ ગઈ અને દેશની હાલત બગડી ગઈ. ચીજવસ્તુઓના ભાવો પણ વધતાં લોકોમાં જોરદાર આક્રોશ પેદા થયો. તેના કારણે પ્રચંડ આંદોલન થયું અને બોલિવર ક્રાન્તિ થઈ તેમાં અમેરિકા તરફી સરકાર ફેંકાઈ ગઈ.

■■■

હ્યુગો શાવેઝ બોલિવર ક્રાંતિના પ્રણેતા હતા.

શેવેઝને વેનેઝુએલા અને અમેરિકા વચ્ચેની દુશ્મનાવટના પણ પ્રણેતા માનવામાં આવે છે કેમ કે ૧૯૯૯માં હ્યુગો શેવેઝ પ્રમુખ બન્યા પછી અમેરિકન કંપનીઓને ઉચાળા ભરાવ્યા. શાવેઝે અમેરિકાની નાગચૂડમાંથી વેનેઝુએલાને આઝાદ કરવા કમર કસી અને સાથે સાથે વેનેઝુએલાની કાયાપલટ કરી નાંખી તેથી શાવેઝ આજે પણ વેનેઝુએલામાં હીરો ગણાય છે.


બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

શાવેઝે દુનિયાની મોટી ઓઈલ કંપનીઓને વેનેઝુએલા છોડી જવા કહ્યું તેમાં સંઘર્ષ શરૂ થયો કેમ કે મોટા ભાગની કંપની અમેરિકન હતી. અમેરિકાએ હ્યુગોને માઠાં પરિણામોની ધમકી આપી પણ શાવેઝે તેની અવગણના કરીને ઓઈલ પ્રોજેક્ટ્સમાં સરકારી કંપની પીડીવીસએએના બહુમતી શેર હોય એવો કાયદો બનાવી દીધો. શેવરોન, ટોટલ વગેરે વિદેશી કંપનીઓએ શરણાગતિ સ્વીકારીને કામ ચાલુ રાખ્યું પણ એક્સોનમોબિલ અને કોનોકોફિલિપ્સ જેવી અમેરિકન કંપનીઓએ આ કાયદાને માનવાનો ઈન્કાર કરી દીધો. શાવેઝે સખ્તી બતાવીને અમેરિકન કંપનીઓની સંપત્તિઓ જબરદસ્તીથી છિનવીને આ કંપનીઓને તગેડી મૂકી. અમેરિકાની કંપનીઓ આ પગલાને ગેરકાયદેસર ગણાવીને ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન કોર્ટમાં કેસ લડ્યા કરે છે.

અમેરિકાએ વેનેઝુએલાને ભિડાવવા માટે તેના પર નિયંત્રણો લાદવા માંડ્યાં. શાવેઝ પણ મચક આપતા નહોતા. તેમણે વેનેઝુએલાના અર્થતંત્રને સધ્ધર કરવા માટે આવકના બીજા સ્રોત ઉભા કરવા માંડ્યા. રશિયા અને ચીન સહિતનાં અમેરિકા વિરોધી પરિબળોએ પણ મદદ કરી. વેનેઝુએલાને વિદેશમાંથી મળતી કુલ આવકના ૯૫ ટકા ક્રૂડઑઈલ નિકાસમાંથી મળતી. અમેરિકાએ ગાળિયો કસવા માંડ્યો તેથી તેના પર અસર પડી.

શાવેઝે તેનો રસ્તો કાઢીને મકાઈ, જુવાર, શેરડી, કોફી, કેળાં જેવી ખેતપેદાશો આધારિત ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ વિકસાવીને દેશમાં રોજગારી ઉભી કરી. વેનેઝુએલામાં વિશાળ તેલભંડારો તેમજ કોલસા, લોખંડ, બોક્સાઈટ અને સોનાનો જથ્થો આવેલો છે. શાવેઝે તેના આધારિત અર્થતંત્ર વિકસાવ્યું અને પેટ્રોલિયમ ઉપરાંત ખેતીપેદાશો, ખનીજો, બાંધકામનાં સાધનો, દવાઓ, પશુ ખાણદાણ, વિવિધ મશીનરીઓની નિકાસ કરીને અર્થતંત્રને જમાવ્યું.

શાવેઝે નવા ઉદ્યોગો ઉભા કર્યા તેના કારણે વેનેઝુએલા પર દેવું વધ્યું પણ એકંદરે સ્થિતી કાબૂમાં હતી. શાવેઝ કાબેલ શાસક હતા તેથી વેનેઝુએલા અમેરિકાનાં નિયંત્રણો સામે પણ ઝીંક ઝીલી ગયું અને અમેરિકા કદી શાવેઝને નમાવી ના શક્યું અને વેનેઝુએલામાં ના ઘૂસી શક્યું.

■■■

અમેરિકાને ૨૦૧૩માં તક મળી ગઈ.

હ્યુગો શાવેઝનું ૨૦૧૩માં અવસાન થયું ત્યારે વેનઝુએલા સારી સ્થિતીમાં હતું પણ અચાનક ક્રુડ ઓઈલના ભાવોમાં કડાકો બોલી ગયો તેમાં વેનેઝુએલાની પનોતી બેસી ગઈ. શાવેઝના નિધનના બાદ હાલના પ્રમુખ નિકોલસ માદુરોએ સત્તા સંભાળી પણ માદુરો શાવેઝ જેવા કાબેલ નહોતા તેથી મોંઘવારી વધવા માંડી. ફુગાવો વાર્ષિક પચાસ ટકાના દરે વધવા માંડેલો તેથી માદુરોએ ચીન અને રશિયા પાસેથી સહાય લીધી પણ અમેરિકાના કાવાદાવા સામે ટકવું મુશ્કેલ બની ગયું હતું. વેનેઝુએલાના માથે અત્યારે ચીન અને રશિયા સહિતના દેશોનું ૧૪૦ અબજ ડોલરનું દેવું છે. આ દેવું ચૂકવવા સરકારને સમય અપાયો છતાં માદુરો સરકાર ચૂકવણી ના કરી શકી તેમાં આર્થિક હાલત બગડી. બીજી નાણાંકીય સંસ્થાઓનું દેવું પણ નથી ચૂકવી શકાતું તેના કારણે અર્થતંત્ર તૂટી પડ્યું છે.

માદુરોએ છેલ્લો દાવ ખેલીને વર્ચ્યુઅલ કરન્સી લોંચ કરી હતી. માદુરોનો ઈરાદો દુનિયાભરનાં કાળાં નાણાંનું વેનેઝુએલામાં રોકાણ કરાવવાનો હતો પણ અમેરિકાએ વર્ચ્યુઅલ કરન્સીને નિષ્ફળ બનાવવા પૂરી તાકાત લગાવી દીધી. વર્ચ્યુઅલ કરન્સીનો પ્રભાવ વધે તો અમેરિકાની દાદાગીરીના દિવસો પૂરા થાય. વેનેઝુએલા સફળ થાય તો દુનિયા એક નવા યુગમાં પ્રવેશે ને પછી દુનિયાનો દરેક દેશ અમેરિકાના ઈશારે ચાલતા અર્થતંત્રને ફગાવીને વર્ચ્યુઅલ કરન્સીને અપનાવે તેથી અમેરિકાએ સામ, દામ, દંડ, ભેદ અજમાવીને માદુરોનો દાવ ના ચાલવા દીધો તેથી સ્થિતી વધારે ખરાબ થઈ.

આ સંઘર્ષ દરમિયાન પણ અમેરિકા માદુરોને પોતાની તરફ ખેંચવા દાણા તો નાંખ્યા જ કરતું હતું. માદુરો અમેરિકાની પેટ્રો કંપનીઓને એન્ટ્રી આપે તો અમેરિકા માદુરોને મદદ કરવા તૈયાર હતું. એ માટે પાછલા બારણે અમેરિકાએ મથામણ કરી જોઈ પણ માદુરોએ મચક ના આપી તેથી ડોનાલ્ડ ટ્રમ્પ ભડકી ગયા. ટ્રમ્પે છેલ્લે પાટલે બેસીને એલાન કર્યું કે, વેનેઝુએલાએ અમેરિકાના ઓઈલ અને એનર્જીના અધિકારોને ગેરકાયદેસર રીતે છીનવી લીધા છે. આ અધિકારો પાછા નહીં આપે તો હુમલો કરી દેશે. ટ્રમ્પે માદુરો અમેરિકામાં ડ્રગ્સ અને હથિયારો ઘૂસાડે છે એ બદલ તેમની સામે કેસ ચલાવવાની ચીમકી પણ આપી હતી.

માદુરોએ આ ચેતવણીને અવગણી તેથી અમેરિકાએ હુમલો કરી દીધો. માદુરોની દલીલ છે કે, વેનેઝુએલાના કુદરતી ભંડારો પર તેના સિવાય કોઈને અધિકાર નથી. શાવેઝના સમયમાં કંપનીઓને ચૂકવણી કરી દેવાઈ છે તેથી હવે કોઈ નાણાં ચૂકવવાનાં થતાં નથી.

અમેરિકાએ આ વાત ના માની ને તેનો અંત માદુરો ઘરભેગા થયા તેમાં આવ્યો છે. ભૂતકાળમાં અમેરિકાએ અફઘાનિસ્તાન, ઈરાક વગેરે દેશોમાં સત્તાપલટો કરાવ્યા પછી એ દેશોને નોંધારા છોડી દીધા પણ વેનેઝુએલાને નોંધારું નહીં છોડે કેમ કે વેનેઝુએલા સોનાનાં ઈંડાં આપતી મરઘી છે. હવે વેનેઝુએલામાં અમેરિકાની કઠપૂતળી સરકાર બેસશે ને અમેરિકા વેનેઝુએલાને ફરી દોહવાનું શરૂ કરશે તેમાં શંકા નથી. ■

sanjogpurti@gmail.com

## સાયકલના ફિલ્મી ફડફડિયાં હવે માત્ર ઈતિહાસ



સાયકલના બંને વ્હીલના રક્ષણ માટે જે કમાન આકારના વ્હીલ ગાર્ડ આવે છે તેને અમે પંખા કહેતા. વળી આ પંખાના છેડે નીચેના ભાગે, ગારો ઉડે નહીં તે માટે, રબરના જે લટકણીયાં આવતાં તેને અંગ્રેજીમાં તો મડગાર્ડ (Mudguard) કહેવામાં આવે છે. પણ અમે આ લટકણીયાંને ફડફડિયાં કહેતા. અત્યારે તો એવું બહુ જોવા મળતું નથી પણ એ દિવસોમાં ફડફડિયું પોતે જ કોઈને કોઈ ફિલ્મનું પોસ્ટર બનીને અમારી નજરમાં ફડફડતું રહેતું. હું છઠ્ઠું-સાતમું ભણતો એ દિવસોમાં સાયકલના ફડફડિયાંઓ પાછળ એક ફિલ્મનું પોસ્ટર લગભગ બધી જ સાયકલોમાં જોવા મળતું એક ફિલ્મ હતી ×ખુદગર્ઝ×. સાયકલનું ફડફડતું ફડફડિયું અને એ ફડફડિયાંમાં ફડફડતો શત્રુ અને જીતલો આજે પણ મને ફડફડતા દેખાય છે - મારા સ્મૃતિપટ ઉપર. ફડફડિયાં જોઈજોઈને ×ખુદગર્જ× જોવાનો ચટપટાટ ઉપડતો પણ પોસ્ટર જોઈને જ સંતોષ માનવો પડતો. અમારા ગામનો એક બારોટનો છોકરો એના બાપા સાથે ગીરમાં યજમાનમાં ગયેલો અને વળતા દાણાદુણી ઉઘરાવીને પરત ફરતી વખતે એને એના બાપાએ પિક્ચર દેખાડેલું ખુદગર્ઝ. એણે દિવસોના દિવસો સુધી ×ખુદગર્જ×ની સ્ટોરી અમને વારંવાર સંભળાવેલી. મને તો સાંભળવામાં રસ પડતો જાય ને અંદરથી ઈર્ષા થતી જાય. મારાથી તો મારા બાપાને કહેવાયે નહીં કે 'ખુદગર્ઝ' જોવું છે, નહીંતર શત્રુ સ્ટાઈલનું ઢીશુમ-ઢીશૂમ અમારા ગાલ ઉપર થઈ જાય. એટલે 'ખુદગર્જ' જોવાની અબળખા બહુ જૂની હતી. પણ આખરે ૧૯૮૭ની સાલમાં ૩૧ જુલાઈના રોજ રિલીઝ થયેલું 'ખુદગર્જ' મેં તેના રિલીઝના ૩૭ વર્ષ પછી ૨૦૨૫ની ૩૧ જુલાઈની રાત્રે મારા પર્સનલ થિયેટરમાં જોયું. ફિલ્મની વાત ક્યારેક નિરાંતે કરીશ પણ ફડફડિયામાં જ જોયેલી એવી ઘણી ફિલ્મો છે. પડદા ઉપર તો બહુ વર્ષો પછી આ ફિલ્મો જોવા મળેલી. ફર્જ, કુદરત કા કાનૂન, લોહા, મુકદર કા સિકંદર, ડોન, જંજીર, દીવાર , શોલે જેવી ફૂલ મુવી વર્ષો સુધી માત્ર કોઈને કોઈની સાયકલના ફડફડિયાંમાં જ જોયેલી. પણ ત્યાર પછી ફડફડિયાંઓનો યુગ સમાપ્ત થતો ચાલ્યો. છેલ્લે ૯૦ ના દાયકામાં અકેલા, ખુદા ગવાહ, ફુલ ઓર કાટે, મેને પ્યાર કિયા, ડર, મોહરા સુધીના ફડફડિયાંઓ જોયેલાં પણ ત્યાર પછી હવે તો એ વખતમાં હતી એના કરતાં પણ શાનદાર સાયકલો બજારમાં અને રસ્તાઓ ઉપર જોવા મળે છે પણ એ વખતે જોવા મળતા એવા શાનદાર ફડફડિયાં હવે ક્યાંય જોવા જ મળતા નથી. ફડફડિયાં યુગ હવે સમાપ્ત થઈ ગયો છે. ફડફડિયાં હવે ઈતિહાસ બની ગયાં છે. ■

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

naranbaraiya277@gmail.com

## પ્રાચીન ભારતનું અદ્દભુત જહાજ : કૌંડિન્યા




આદિમાનવથી શરૂ કરીને આધુનિક માનવ સુધીની વિકાસયાત્રા અદ્‌ભુત રહી છે. સર્જન શક્તિ એ ભારતની કોઠાસૂઝનો નજારો છે. મેક્સમુલર નામના વ્યક્તિએ કહ્યું છે કે દુનિયામાં કશું જ નહોતું ત્યારે ભારતનો ચંદરવો સોળે કળાએ ખીલેલો હતો. આવી વિશિષ્ટ અને વિવિધતા ધરાવતો ભારત દેશ દુનિયાના સાથે સામુદ્રિક વેપાર કરતો હતો. ભારતના મરી, મસાલા, તેજાના, મલમલ, રેશમી કાપડની યુરોપના અને આફ્રિકાના બજારમાં અદ્‌ભુત માગ રહેતી હતી. વિદેશીઓ જળમાર્ગે ભારત સાથે વેપાર કરતા હતા.

અત્યાર સુધી ભારતની પ્રજામાં એવું જ મગજમાં ભરી દેવામાં આવ્યું છે કે અંગ્રેજો ભારતમાં આવ્યા એટલે આ બધી શોધો અને ટેકનોલોજી સ્થાપિત થઈ. આ માન્યતાથી લોકોને બહાર કાઢવા પડશે. દુનિયાને શૂન્યની તેમજ ૬૪ કલા અર્પણ કરનાર ભારત દેશ છે. સમુદ્ર ક્ષેત્ર હોય કે અવકાશી ક્ષેત્ર હોય તેમાં ભારતનું સંશોધન વૈશ્વિક ફલક પર પ્રાચીન સમયથી અગ્રેસર રહયું છે.


સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

આઈ.એ.એન.એસ. વિક્રાંત સમુદ્ર જહાજ દેશની સામુદ્રિક સુરક્ષા માટે અદ્‌ભુત સંશોધન છે. સ્વદેશી અપનાવો દેશ બચાવો આ અભિયાનને વ્યાપક બનાવવું પડશે. દેશના હુન્નરમાં અદ્‌ભુત શક્તિ ભરેલી છે. દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબ એક વિઝન અને મિશન સાથે ચાલી રહ્યા છે.રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ રાષ્ટ્રસેવાના પ્રકલ્પને સાકાર અને આકાર કરવા માટે પ્રતિબદ્ધ છે ત્યારે ભારતીય જહાજ વારસો એ આપણી ઓળખ છે.

ભારતીય નૌકાદળનું પ્રથમ તૈયાર સ્ટીચ્ડ સેલિંગ વેસલ - INSV કૌંડિન્યા પોરબંદરથી પ્રથમ સફર શરૂ કરી. ભારતીય નૌકાદળનું પ્રથમ સ્ટીચ્ડ સેલિંગ વેસલ INSV કૌંડિન્યા, જેણે ભારતની પ્રાચીન જહાજ નિર્માણ અને દરિયાઈ પરંપરાઓને પુનર્જીવિત કરે છે તેણે ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ તેની પ્રથમ વિદેશી સફર શરૂ કરી દીધી છે. આ જહાજ ગુજરાતના પોરબંદરથી મસ્કત, ઓમાન જશે, જે પ્રતીકાત્મક રીતે ઐતિહાસિક દરિયાઈ માર્ગોનું પુનર્નિર્માણ કરશે જે હજારો વર્ષોથી ભારતને હિંદ મહાસાગરની દુનિયા સાથે જોડતા હતા. પ્રાચીન ભારતીય જહાજોના ફોટોગ્રાફ્સથી પ્રેરિત અને સંપૂર્ણપણે પરંપરાગત સ્ટીચ્ડ પ્લાન્ક ટેક્નિક્સનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલ, INSV કૌંડિન્યા ઈતિહાસ, કારીગરી અને આધુનિક નૌકાદળ કુશળતાના દુર્લભ મિશ્રણનું પ્રતિનિધિત્વ કરે છે. આજના જહાજોથી વિપરીત તેના લાકડાના પાટિયા કાળા દોરડાથી સીવેલા છે અને કુદરતી રેઝિનથી સીલ કરવામાં આવે છે, જે ભારતના દરિયાકાંઠે અને સમગ્ર હિંદ મહાસાગરમાં એક સમયે પ્રચલિત જહાજ નિર્માણ પરંપરાને પ્રતિબિંબિત કરે છે. આ તકનીક ભારતીય ખલાસીઓને આધુનિક નેવિગેશન અને ધાતુશાસ્ત્રના આગમન પહેલાં પશ્ચિમ એશિયા, આફ્રિકા અને દક્ષિણપૂર્વ એશિયામાં લાંબા અંતરની સફર કરવા સક્ષમ બનાવે છે.


આ પ્રોજેક્ટ સંસ્કૃતિ મંત્રાલય, ભારતીય નૌકાદળ અને મેસર્સ હોડી ઈનોવેશન્સ વચ્ચે ત્રિપક્ષીય સમજૂતી કરાર હેઠળ શરૂ કરવામાં આવ્યો હતો, જે સ્વદેશી જ્ઞાન પ્રણાલીઓને ફરીથી શોધવા અને પુનર્જીવિત કરવાના ભારતના પ્રયાસોના ભાગ રૂપે કરવામાં આવ્યો હતો. માસ્ટર શિપરાઈટ બાબુ શંકરનના માર્ગદર્શન હેઠળ પરંપરાગત કારીગરો દ્વારા બનાવવામાં આવેલ અને ભારતીય નૌકાદળ અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વ્યાપક સંશોધન, ડિઝાઈન અને પરીક્ષણ દ્વારા સમર્થિત, આ જહાજ સંપૂર્ણપણે દરિયાઈ સફર કરવા સક્ષમ છે. સુપ્રસિદ્ધ નેવિગેટર કૌંડિન્યના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેમણે પ્રાચીન સમયમાં ભારતથી દક્ષિણપૂર્વ એશિયામાં સફર કરી હોવાનું માનવામાં આવે છે. આ જહાજ દરિયાઈ રાષ્ટ્ર તરીકે ભારતની ઐતિહાસિક ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે.

આ પ્રોજેક્ટ ભારત સરકારની સ્વદેશી ધરોહર સમાન શરૂઆત છે. આ રીતે ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને સભ્યતાને ઉજાગર કરવાનો અદ્‌ભુત પ્રયાસ છે.આંતરરાષ્ટ્રીય સંબંધો અને વેપાર ભારતની શ્રેષ્ઠતાને વ્યાપક બનાવે છે. કચ્છના કાનજી માલમ અને અનેક લોકો સાગર ખેડી આફ્રિકાના દેશો સાથે વેપાર કરતા હતા. ઉપરોક્ત બાબતોને અભ્યાસક્રમમાં લઈ બાળકો સુધી પહોંચાડવાની તાતી જરૂરિયાત છે. પોતાના દેશ પ્રત્યે સ્વાભિમાન અને માન હોવું જોઈએ. વંદે માતરમ.. ભારત માતાકી જય.. ■

Mo.9825702282

# કપાળ અને ચહેરાની માવજત (Face & Froehead Care)

કપાળ અને ચહેરાની માવજત કરવી ખૂબ જરૂરી છે, કેમકે તેના પર વાતાવરણની સીધી અસર થાય છે.



૧) દૈનિક સફાઈ

- દિવસમાં ૨ વખત હળવા ફેસવોશથી ચહેરો ધોવો
- કપાળ પર ખાસ ધ્યાન આપો (તેલ/ઘામ વધુ થતો હોય છે)

૨) ટોનિંગ

- ગુલાબજળ અથવા માઈલ્ડટોનરથી ચામડીના રોમછિદ્ર સ્વચ્છ રાખો
- તેલિયુંપણું સંતુલિત થાય છે

૩) મોઈસ્ચરાઈઝિંગ

- તમારી ચામડી પ્રમાણે મોઈસ્ચરાઈઝર વાપરો

-તેલિયાં ચામડીઃ જેલ આધારિત
-સૂકી ચામડીઃ ક્રીમ આધારિત

૪) સન પ્રોટેક્શન

- બહાર જતા પહેલા SPF ૩૦ કે તેથી વધુ સનસ્કીન કપાળ પર ખાસ કરીને લગાવો

૫) અઠવાડિયે ૧–૨ વખત સ્ક્રબ

- હળવો Ms&dead જૌહ દૂર કરે
- વધારે કઠોર સ્ક્રબ ટાળો (કપાળ પર ખાસ)

૬) ઘરેલું ઉપાયો

- મલાઈ + મધઃ સૂકી ચામડી માટે
- બેસન + દહીંઃ તેલિયાં/મિશ્ર ચામડી માટે
- એલોયવેરા જેલઃ શીતળતા અને દાગ ઘટાડે
- ટમેટુ લગાવો
- મુલતાની માટી લગાવી શકાય
- ચહેરો લીસો કરવા ગોપીચંદન લગાવી શકાય

૭) ખોરાક અને જીવનશૈલી

- પૂરતું પાણી પીવો
- ફળ, લીલા શાક, સૂકા મેવા
- પૂરતી ઊંઘ લો

૮) ટાળો

- કપાળ પર વારંવાર હાથ ફેરવવો
- વધારે હેર ઓઈલ કપાળ પર વહી જવા દેવું
- પિમ્પલ્સ દબાવવું

વિષેશ : દૂધની મલાઈનો કપાળ અને ચહેરાની માવજત માટે ઉપયોગ

દૂધની મલાઈ (Milk Cream / Malai) કુદરતી મોઈસ્ચરાઈઝર છે, ખાસ કરીને સૂકી અને સામાન્ય ચામડી માટે ખૂબ લાભદાયક છે.

▶ લાભ

- ચામડીને ઊંડું પોષણ આપે
- સૂકાશ, ખંજવાળ દૂર કરે
- ચહેરાને નરમ અને ચમકદાર બનાવે
- કપાળની ફાઈન લાઈન્સ ઘટાડવામાં મદદરૂપ
- ટેનિંગમાં થોડી રાહત

▶ ઉપયોગ કરવાની રીત

૧) સીધી મલાઈ

- તાજી દૂધની મલાઈ લો
- કપાળ અને ચહેરા પર હળવે મસાજ કરો
- ૧૫–૨૦ મિનિટ રાખી, હળવા ગરમ પાણીથી ધોઈ લો
- અઠવાડિયામાં ૨ વખત

૨) મલાઈ + મધ (વધુ પોષણ માટે)

- ૧ ચમચી મલાઈ + ઘ ચમચી મધ
- સૂકી ચામડી માટે ઉત્તમ
- ૨૦ મિનિટ પછી ધોઈ લો

૩) મલાઈ + હળદર (ચમક માટે)

- એક ચપટી હળદર + મલાઈ
- ૧૦–૧૫ મિનિટ
- દાગ ધબ્બા ઘટાડવામાં મદદ

૪) મલાઈ + ગુલાબજળ (માઈલ્ડ માટે)

- સેન્સિટિવ ચામડી માટે યોગ્ય
- ઠંડક આપે

▶ ધ્યાન રાખવું

- તેલિયાં/પિમ્પલવાળી ચામડી પર રોજ ન વાપરો
- ઉપયોગ પહેલાં પેચ ટેસ્ટ કરો
- ખૂબ જાડું સ્તર ન લગાવો (પોર બ્લોક થઈ શકે)

▶ શ્રેષ્ઠ સમય

- રાત્રે સૂતા પહેલાં
- પછી સનસ્કીન જરૂરી નથી



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
hemangidmehta@gmail.com

# બકા, તારી ભૂલ થાય છે. સરકારની આવી કોઈ યોજના જ નથી

બોસ અને અભણ અમથાલાલ છાપું હાથમાં લઈને અલક મલકની વાતો કરી રહ્યા હતા.



'અમથાલાલ, તમને શું લાગે છે, આ વખતે કેટલાક પક્ષોને ચૂંટણી વહેલાસર પંડમાં આવી હોય એવું નથી લાગતું? '

'જૂઓ બોસ, વહેલી કે મોડી ચૂંટણી પંડમાં આવી (ચૂંટણીએ કાયાપ્રવેશ કર્યો) એ બહુ મહત્વનું નથી. પંડમાં અને પડમાં કેટલો વખત રહે છે એ મહત્વનું છે. એમ તો કેટ- કેટલાં 'ય રાત દિવસ હાથ અને પગ હલાવ્યે જ રાખે છે. પણ, એમની સામું કોઈ જોતું જ નથી. અને કેટલાક ચક્રાવાતી પવનની માફક આવીને કેટ- કેટલાં 'યને પોતાની હારે ખેંચીને લઈ જાય છે.'

ત્યાં બકાએ આવીને અરજ કરી.

'બોસ, મારે એક અરજી કરવી છે. કેમ કરવી?'

'તારે વળી અરજી કરવી છે? કોને કરવી છે?'

બોસને આશ્ચર્ય થયું.

'કેમ? હું ખેડૂત નથી? ખેડૂત માણસ ના હોય?'

'તું.. તું.. ખેડૂત પણ છો. અને માણસ પણ છો. પણ, સરકારને પાંચ વરહે તારી જરૂર પડે. તારાં મતની જરૂર પડે. તારે સરકારની શું જરૂર પડી?'મારે સરકાર પાંહે હારા મોટરસાયકલની માંગણી કરવી છે. વરસોથી મારી પાંહે હારી સાયકલેય નથી. દુનિયા ક્યાંની ક્યાં પહોંચી ગઈ..! અને એક હું નાનો ખેડૂત છું. એક કરતાં એક ડગલું 'ય આગળ વધ્યો નથી.'

અમથાલાલે કહ્યું.

'બકા, સરકાર તમને ટ્રેક્ટર લેવાં લોન આપે. સબસિડી આપે. ઓજાર માટે લોન/ સબસિડી આપે. અરે સનેડો લેવાય લોન આપે છે. મોટરસાયકલ આપે છે, એવું ક્યાંય સાંભળ્યું નથી.' રે 'વા દો અમથાલાલ રે 'વા દો. તમે તો સરકારનો ખોટો પક્ષ લેતાં જ નહીં. તમારાં જેવાં આગેવાનોએ જ અમારાં જેવાં નાનાં નાનાં માણસોનો ડાટ વાળ્યો છે. અમારાં સુધી આવું ઘણુંબધું પહોંચવા જ નથી દેતાં.'

'બકા, તારી ભૂલ થાય છે. સરકારની આવી કોઈ યોજના જ નથી. અને એમ કાંઈ બેંકો 'ય સરળતાથી લોન આપતી 'ય નથી.'

'બેંકોએ લોન આપ્યા વગર ઓલ્યા માલિયા, જમાલિયા કળા કરી ગયા? આપણી બેંકોમાંથી કેટલાં લોકો કરોડો કરોડો રૂપિયાની લોનો લઈને વિદેશ ભાગી ગયા. એનાં નામ આપું તમને ?'

અમથાલાલને આશ્ચર્ય થયું.

'બકા, તને તો ઘણીય ખબર છે. આવડી મોટી જાણકારી તને ક્યાંથી? છતાંય તારી જાણ ખાતર કહી દઉં કે, મોટરસાયકલની આવી કોઈ યોજના સરકારી નથી.'

'અમથાલાલ મનેય ખબર છે કે, આવી કોઈ યોજના સરકારી નથી. પણ, આપણે ત્યાં ગુજરાતમાં એક કહેવત છે કે, જમડાં હામે ઊભાં હોય અને તમે પ્રતિકાર કરો તો કદાચ! જીવ ના જાય. પણ તાવ તો આવે જ. એમ મારે મોટી મોટી ગાડી નથી જોઈતી. ઈ ભલે તમારાં જેવાં રાખે, મને તો બસ એક હારુ મોટરસાયકલ આપો. આવી મારે અરજી કરવી છે.

બોસને નવાઈ લાગી કે, 'આવી કોઈ મોટી મોટી ગાડીની સરકારી યોજનાઓ હોય તો હજી સુધી મને કેમ જાણ નથી. કે મારી પાસે કેમ ગાડી નથી.'

'બકા, આવી બધી યોજનાઓ વિશે તને કોણે કહ્યું?

તે ક્યાંથી જાણ્યું? '

બોસ પણ ઘડીભર માનવા લાગ્યા કે, આવતાં વરસમાં ચૂંટણીઓ આવે છે. સરકાર અને પક્ષે મળીને આવી કાર્યકરો માટે કોઈ યોજના બનાવી હોય તો બનાવી 'ય હોય. સરકારનું કાંઈ કહેવાય નહીં.

'બકા, મને જરા વિગતવાર વાત કરતો તે ક્યાં સાંભળ્યું? અને શું શું યોજનાઓ છે??'

'બોસ, યોજનાઓ હેલિકોપ્ટર સુધીની છે. '

'શું વાત કરે છે બકા !?? સરકાર એટલી બધી સધ્ધર થઈ ગઈ છે? કે હેલિકોપ્ટર આપવા લાગી છે!?

પણ, તે ક્યાં સાંભળ્યું ઈ તો કે.'

'હમણાં જ મેં એક છાપાંમાં વાંચ્યું કે, એક ખેડૂતે સરકારને અરજી કરી છે કે, મને ખેતર જવા માટે હેલિકોપ્ટર આપો.'

બોસ મોઢામાં આંગળા નાખી ગયા. 'આ ખેડૂત કેવડો મોટો હશે? ખેતર જાવા હેલિકોપ્ટરની માંગણી કરે છે. આપણે ત્યાં તો અંબાણી અને અદાણી જેવાં જ હેલિકોપ્ટર વાપરી શકે છે. આ ખેડૂત તો ભાઈ ભારે નીકળ્યો. પણ, ખેડૂતનું નામ શું છે? ઈ તો કે, અને ઈ વાવે છે શું? ઈ કે .'



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

અભણ અમથાલાલે માથું કૂટ્યું.

'બકા, તું ઓલ્યા મધ્ય પ્રદેશનાં ખેડૂતની વાત કરે છે?'

'હા..હા..! એની જ તો વાત છે.'

'બકા, તારે સમજણ ફેર થયું છે. એમણે સરકાર પાસે હેલિકોપ્ટરની માંગણી કરી છે ઈ વાત સાચી છે પણ, કારણ જુદું છે.'

'તો તમે જ કહો. મારો પનો તો આટલો જ છે. જે મેં જાણ્યું છે.'

'બકા, મધ્ય પ્રદેશનાં ઉજ્જૈન જિલ્લામાં એક ગામ છે. ઉટેસરા. ત્યાં સરકારે નવો રોડ બનાવ્યો. હવે હંધાયને તો જમીન રોડટચ થઈ ગઈ. પણ, માનસિંહ રાજોરિયાની જમીન વચ્ચે આવી ગઈ. ખેતરમાં જવા ન તો કોઈ રસ્તો બચ્યો ના કોઈ કેડી.

બીચારો ત્રણ વીઘાનો ખાતેદાર, આજીવિકા એમાં હાલે. પણ રસ્તો ક્યાં? માનસિંહ તાલુકાએ, જિલ્લાએ ધક્કા ખાઈ ખાઈને કંટાળી ગયો. ન રસ્તો મળ્યો ન સમાધાન. આખરે કંટાળીને એમણે સરકારને એક અરજી કરી. મને મારાં ખેતરમાં જવા માટે ખેતરવાળા કે અધિકારીઓ રસ્તો આપી/અપાવી શક્યાં નથી, તો તમે મને ખેતરમાં જવા એક હેલિકોપ્ટર આપો.'

હવે બકો બોલ્યો.

'સરકાર મોટાં મોટાં બિઝનેસમેનની વાત તો ફટાક દઈને હાંભળે છે. એક નાનાં ખેડૂતની વાત હાંભળશે!??'

kalubhaibhad123@gmail.com

# એક્ઝામ ટાઈમને ન બનાવો.... સ્ટ્રેસ ટાઈમ



એક્ઝામના સમયે જ મોટાભાગના સ્ટૂડન્ટ્સ બહુ વધારે પડતા તનાવથી ઘેરાઈ જાય છે. એના કંઈ કેટલાય કારણો હોય છે. જેવા કે, યોગ્ય પ્લાનિંગનો અભાવ, સમયસર કોર્ષ પૂરો ન થવો, પેરેન્ટ્સનું દબાણ, ભણવામાં ઓછું ધ્યાન વગેરે આ બધા પ્રોબ્લેમ્સ ન આવે, એ માટે જરૂરી છે પેરેન્ટ્સની સમજદારી અને જરૂરી તૈયારીઓ, આવો જાણીએ એવી જ નાની - નાની પણ મહત્વની વાતોને....!

પરીક્ષાઓ નજીક આવે ત્યારે અભ્યાસનો સ્ટ્રેસ જેટલો બાળકો પર પડે છે, એટલો જ પેરેન્ટ્સ પર પણ પડવો શરૂ થઈ જાય છે. એવે વખતે બાળક અને મા-બાપ વચ્ચે બહેતર તાલમેલ હોય એ ખૂબ જ જરૂરી છે.

**પેરેન્ટ્સ વિ. બાળકો**

પેરેન્ટ્સ સકારાત્મક વિચારધારા રાખો અને બાળકોને હંમેશા શાંતિ અને પ્યારથી જ સમજાવો. બાળકને ક્યારેય લડી-ઝગડીને શીખવવાનો પ્રયાસ કદાપી ન કરો. મા-બાપે પણ સંતાનોની સામે ઝઘડા ન કરવા, ક્યારેય પણ ભણવા માટે અતિ દબાણ ન કરવું.

તમારા બાળકની અન્ય બાળક સાથે કે તેની ભણવાની પધ્ધતિની અન્ય સાથે ક્યારેય તુલના ન કરો. નહીંતર, બાળકમાં હીનભાવના પેદા થશો. ક્યારેય પણ અભ્યાસ બાબતે સંતાનને મારો નહીં કે સજા પણ ન કરો. અભ્યાસ માટે હંમેશા બાળકને પ્રોત્સાહિત કરતા રહો. બાળક જે વિષયમાં કમજોર હોય, એ વિષય પર વધુ ધ્યાન આપો - અપાવો. તમારા સંતાનના મન-મગજમાં હંમેશા સકારાત્મક વિચારધારા જ પેદા કરતા રહો. પરીક્ષા વખતે સંતાનને વધુમાં વધુ સમય આપો. પરીક્ષા વખતે બાળકને બહારનું કે હેવી ભોજન ન આપો, હળવું - પાચક અને પૌષ્ટિક ભોજન જ આપો. બાળકોને આસાન પધ્ધતિથી કમજોર વિષયો શીખવવાની કોશિષ કરો. બાળકોને હંમેશા રોચક વિષયોની જાણકારી આપતા રહો. સારા પ્રેરક પ્રસંગો, વાર્તા કહેતા-સંભાવતા રહો, જેથી બાળકની અંદર આત્મવિશ્વાસ જાગૃત થાય. જો આપના ઘરે અવારનવાર મહેમાન આવતાં જ રહેતાં હોય, તો બાળકોને પરીક્ષાઓ વખતે મહેમાનોને નિખાલસપૂર્વક કહી શકો છો, કે બાળકોની પરીક્ષાઓ આવી રહી છે એટલા માટે, શક્ય હો ત્યાં સુધી ફોન પર જ કામકાજ પતાવે અને જો આવવું જરૂરી હોય તો અગાઉથી ફોન કરી - ટાઈમ લઈને જ આવે. અન્યથા, એક્ઝામ પછી જ આવવાનું રાખે.

**બાળક માટે એક્ઝામ ટિપ્સ**

એક્ઝામ અને તમારા ટીચર્સે આપેલા ઈમ્પોર્ટન્ટ પોઈન્ટ્સ હંમેશા ધ્યાનમાં રાખો. ટીચર્સ દ્વારા અપાયેલા પ્રશ્નો અને પેપર સ્ટાઈલ સાથે સંકળાયેલી વાતોને ગંભીરતપૂર્વક ફોલો કરો. પરીક્ષાની તૈયારી માટે એક બેલેન્સ ટાઈમ ટેબલ બનાવો. ટાઈમ ટેબલ બનાવીને ભણવાથી આપને કયા વિષયને કેટલો સમય ફાળવવાનો છે, એ સમજમાં આવી જશે. સાથોસાથ ડેઈલી શેડ્યૂલ પણ બની જશે. પ્લાનિંગ કરવાથી સ્ટ્રેસ ઘટે છે અને આપને ખ્યાલમાં રહે છે કે, કયું ચેપ્ટર ક્યારે કમ્પ્લીટ કરવાનું છે. આપના માટે શું મહત્વપૂર્ણ છે, એને આપનાથી બહેતર કોઈ જાણી શકતું નથી, એટલા માટે તમે તમારી પ્રાથમિકતા નક્કી કરો. તમે કયા સમયે સંપૂર્ણપણે એકાગ્રતાથી ભણી શકો છો, સવારે - બપોરે - સાંજે કે રાતે... તો ડિફિકલ્ટ સબ્જેક્ટના અભ્યાસ માટે એ સમય પસંદ કરો. ભરપૂર અને સારી ઊંઘ લેવાની સાથોસાથ ખુશ અને તનાવમુક્ત રહો. આપની ખાણી-પીણી અને ડાયેટ પર સંપૂર્ણ ધ્યાન રાખો. ખુદને પ્રોત્સાહિત કરો અને શાબાશી આપો. અભ્યાસ વખતે મોબાઈલ ફોન ચેટિંગ, સોશિયલ મીડિયા વગેરેથી દૂર રહો. જો મોબાઈલ એડિક્ટ હોવ, તો થોડા સમય સુધી મોબાઈલમાં રિચાર્જ જ ન કરવો.

સ્વચ્છ અને શાંત વાતાવરણમાં જ અભ્યાસ કરો. જ્યારે ભણવા બેસો ત્યારે અઘરા વિષયોને પહેલા ભણો. કેમ કે, એ સમયે આપનો મૂડ ફ્રેશ અને એકાગ્રતા લેવલ હાઈ હોય છે. અભ્યાસને એક પ્રકારની ગેઈમની માફક લો, અર્થાત ગેઈમમાં જેમ જેમ લેવલ પાર કરતાં જાવ તેમ તેમ એવોર્ડ મળતાં રહે, એ જ રીતે અભ્યાસમાં ખુદને પુરસ્કૃત કરો. ટેબલ અને ડેસ્ક પર જ અભ્યાસ કરો. જો ઈચ્છો તો વચ્ચે - વચ્ચે આરામ કરતાં રહો. ગંભીરતાપૂર્વક અભ્યાસ કરો અને શિસ્તમય રીતે ભણો. પોતાની જાતને શાબાશી આપો, ઈનામ આપો અને ખુદની સાથે વાયદો કરો કે, એક નિશ્ચિત સમય સુધી અભ્યાસ કરી લીધા પછી બ્રેક લઈને કંઈક મનોરંજન કરશો કે પછી થોડીવાર માટે બહાર ફરવા જશો. જો તમે ઈચ્છો તો વચ્ચે-વચ્ચે થોડી-થોડી વારે બ્રેક લેતા રહો. પછી પણ કમસે કમ અર્ધા કલાક સુધી લગાતાર એકાગ્ર થઈને ભણો. એ પછી ઈચ્છો, તો થોડીવાર માટે ફરવા - આંટો મારવા જાવ એ પછી શરબત - જ્યૂસ - ચા - કોફીમાંથી જ ભાવતું હોય તે લઈને ફરી પાછા ભણવા બેસી જાવ. કેટલીયવાર કોશિષ કરવા છતાં પણ કોઈ ચેપ્ટર ન જ સમજાતું હોય, તો ટીચર્સ કે ફ્રેન્ડ્સ કે પછી ઈન્ટરનેટ પર સર્ચ કરો અને તેને સમજવાની કોશિષ કરો. ખુદને હંમેશા બહેતર કરવા માટે ચેલેન્જ આપતા રહો. બીજા લોકો સાથે તુલના કરવા કરતાં ખુદ સાથે તુલના કરો. યોગ, પ્રાણાયામ, મેડિટેશન, વર્ક આઉટ્સ વગેરે કરતા રહો. એનાથી એકગ્રતા વધશે. પોઝિટીવ રહો, સકારાત્મકતા તમને સ્ટ્રેસ અને ગભરામણથી બચાવે છે.

**આ ન કરો.**

બીજાઓની બનાવેલી રૂપરેખાના ભરોસે ન જ રહો. ટાઈમ ટેબલનો અમલ કરવાની વાતને અવગણો નહીં. એક્ઝામના એક દિવસ પૂર્વે જ રાત્રે વધુમાં વધુ ભણી લેવાનો પ્રયાસ ન કરો. લાંબા સમય સુધી બ્રેક લીધા વગર લગાતાર ભણ્યા જ કરવાની કોશિષ ન કરો. વધુ પડતા - ચા - કોફી - પીણા કે ધુમ્રપાન કદાપી ન જ કરો.

**રિવિઝન માટે ટિપ્સ**

રિવિઝન માટે પર્યાપ્ત સમય ફાળવો, જેથી છેલ્લા ટાઈમે સ્ટ્રેસ ન પહોંચે. રિવિઝન કરવાનું અવશ્ય રાખો, જેથી તમારો આત્મવિશ્વાસ વધશે. એ માટે એક ટાઈમ ટેબલ બનાવો, જેથી તમે તમારી તૈયારીનું અવલોકન કરી શકો. થોડો સમય અન્ય કામો માટે પણ રાખો. અલગ-અલગ પધ્ધતિથી રિવિઝન કરો, જેથી આપને પણ ભણવામાં આનંદ આવે.



પરીક્ષા વિશેષ
તૃપ્તિબેન દવે

**એક્ઝામ સમયે**

પરીક્ષાના એક દિવસ પૂર્વે જોઈતી અને જરૂરી પૂરી ઊંઘ લઈ લો. પરીક્ષાના દિવસે સાવ ભૂખ્યા પેટે ન જાવ, પણ કંઈક ખાઈને જ જાવ અને એક્ઝામ સ્થળે તમારા સમયના અર્ધા કલાક પૂર્વે પહોંચો. એક્ઝામ વખતે કોઈપણ જાતનું અર્થાત ભૂતકાળની - વર્તમાન કાળની કે ભવિષ્યની કોઈ પણ બાબતનું ટેન્શન ન રાખો. રિલેક્સ અને કૂલ રહો. જો અસહજતા મહેસૂસ થાય તો, થોડીવાર માટે મનને તદ્દન શાંત કરી દો. લાંબા શ્વાસ લો અને છોડો. પ્રશ્ન પેપર મળે કે તરત જ એકદમ શાંત મને એકવાર પ્રશ્નોને વાંચી જાવ. દરેક પ્રશ્નના જવાબ માટે સમયમાં તેને પૂરું કરી શકો. ટોપિકના મેઈન પોઈન્ટ્સ, સબ હેડિંગને અવશ્ય લખો અને હાઈલાઈટ કરો. જ્યારે સમય ઓછો હોય અને જવાબ વધુ લખવાના હોય, તો નવા મુદ્દાઓને સંક્ષિપ્તમાં લખીને જવાબ પૂરો કરો. પેપરમાં ન પૂછાયેલા સવાલોના જવાબ ન જ આપો. અર્થાત આપના મનથી અન્ય વાતો કે બાબતોને ન જ લખો. ઉત્તરને પેરેગ્રાફમાં ન લખો. શોર્ટ ફોર્મનો ઉપયોગ કરો, જે પેપર ચેક કરનારને ખબર ન પડે. ઉત્તરની વચ્ચે અન્ય આડા-અવળા ટોપિક ન ઘુસાડો, ક્રમાનુસાર જ પ્રશ્નોના ઉત્તર આપો.

**સંજોગ ન્યૂના તમામ વિદ્યાર્થી વાચકોને આગામી બોર્ડ પરીક્ષા માટે સંજોગ ન્યૂઝ અને તૃપ્તિ દવે તરફથી શુભકામના.....**

sanjogpurti@gmail.com


# ચીકુની આકાશી સફર !



એક જંગલમાં 'ચીકુ' નામનો નાનો અને રમતિયાળ હાથી રહેતો હતો. ચીકુને આકાશમાં ઊડતાં પક્ષીઓ જોવાં બહુ ગમતાં. તે ઊંચે ઊડતાં પંખીઓને જોઈને વિચારતો, 'વાહ! પક્ષીઓ તો કેવાં મજાથી ઊડે છે! મારે પણ એમની જેમ વાદળાં સુધી પહોંચવું છે; વાદળાંને અડવું છે.'

તેણે ઊડવા માટે ખૂબ પ્રયત્ન કર્યા. તે ક્યારેક મોટા પાંદડા પકડીને કૂદતો, તો ક્યારેક કાન ફફડાવતો. પણ ચીકુ તો મોટો અને ભારે હતો, એટલે તે ઊડી શકતો નહીં. બીજા હાથીઓ તેને જોઈને હસતા અને કહેતા, 'અરે ચીકુ, હાથી તો જમીન પર ચાલે, ઊડે થોડો?'

તેને ઊડવું હતું. ઊંચે જઈ વાદળાં સાથે રમવું હતું. પણ તે ઊડી શકતો નહોતો. માટે તે ઉદાસ થઈને બેઠો હતો. ત્યારે જંગલના સૌથી ઘરડા કાચબાદાદા આવ્યા. તેમણે કહ્યું, 'બેટા ચીકુ, ઉદાસ ન થા! જો તારે ઊડવું હોય, તો તારે મનથી મક્કમ થવું પડશે. કોઈ ઉપાય વિચારવો પડશે. તારા મિત્રોની મદદ લેવી પડશે. તું તારા મિત્રોને બોલાવ, તેઓ તને જરૂર મદદ કરશે.'



રે વાર્તા!
મનીષ સુથાર

કાચબાદાદાની વાત સાંભળી ચીકુ રાજીરાજી થઈ ગયો. એને થયું, 'કાચબાદાદાની વાત તો સાચી છે. મારા મિત્રો મને જરૂર મદદ કરશે. કોઈ તો રસ્તો કાઢશે ને હું ઊંચે આકાશમાં ઊડી શકીશ.' આમ વિચારી ચીકુ આનંદિત અને રોમાંચિત થઈ ગયો.

ચીકુએ તેના બધા મિત્રોને બોલાવ્યાં અને પોતાની ઈચ્છા રજૂ કરી. બધાં મિત્રો એક સાથે બોલ્યાં, 'અરે ચીકુ, તુ જરાય ચિંતા ન કરીશ. અમે બધા જરૂર કોઈને કોઈ ઉપાય કરીશું અને તારી મદદ કરીશું. અને ચીકુ, તું જોજે તો ખરો, એક દિવસ તું જરૂર આકાશમાં ઊડીશ!' એમ કહી બધાં કામે વળગ્યાં.

ચકી અને પોપટ ઘણાં બધાં સુંદર પીંછા લાવ્યા. વાંદરાભાઈ મજબૂત વેલા અને દોરીઓ લાવ્યા. સસલાભાઈ નરમ નરમ રૂ અને મોટા પાંદડાં લાવ્યા. બધાંએ મળીને એક મોટો અને રંગબેરંગી ફુગ્ગો બનાવ્યો. ફુગ્ગામાં ગૅસ ભર્યો. પછી વાંદરાભાઈએ એ ફુગ્ગો ચીકુની પીઠ પર મજબૂત રીતે બાંધી દીધો.

થોડીવારમાં ચીકુના પગ જમીન પરથી ઊંચા થયા! ચીકુ ધીમે ધીમે હવામાં ઉપર જવા લાગ્યો.

'જુઓ, હું ઊડું છું! હું ઊડું છું!' ચીકુ ખુશીથી બૂમો પાડવા લાગ્યો. પક્ષીઓ પણ તેની સાથે સાથે ઊડવા લાગ્યાં. જંગલ, પર્વત, નદી, ખેતર આ બધું જોતાં જોતાં તે ઊંચે ઊંચે આકાશમાં જતો હતો. ચીકુ છેક વાદળોની વચ્ચે પહોંચી ગયો. તે વાદળાંની વચ્ચે ફરવા ને રમવા લાગ્યો. વાદળાં સાથે રમવાનું તેનું સ્વપ્ન પૂરું થયું. તેને બહુ મજા પડી!

સાંજ પડી ત્યારે મિત્રોએ તેને ધીમેથી નીચે ઉતાર્યો. ચીકુ હવે બહુ ખુશ હતો.

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# જામનગર-લાલપુર માર્ગ પર ચાર યુવકોને બોલેરોએ કચડી નાખ્યા: ત્રણના મોત

**એક યુવક ઈજાગ્રસ્ત થતા તાત્કાલિક સારવારમાં ખસેડાયો**



જામનગર,તા.૦૬

જામનગર-લાલપુર ધોરીમાર્ગ પર સણોસરા ગામના પાટિયા પાસે મોડી રાત્રે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. પંચર પડેલી બોલેરોનું ટાયર બદલી રહેલા ૪ યુવાનોને પાછળથી પૂરપાટ ઝડપે આવતી અન્ય એક બોલેરોએ કચડી નાખ્યા હતા. આ કરુણ દુર્ઘટનામાં ૩ યુવાનોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા, જ્યારે ૧ યુવાન ગંભીર રીતે ઘાયલ થતા તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો છે. લાલપુર તાલુકાના ખાયડી ગામના રહેવાસીઓ પોતાની બોલેરો (GJ૨૫ Y ૫૮૦૩) લઈને પસાર થઈ રહ્યા હતા, ત્યારે સણોસરા ગામ પાસે વાહનનું ટાયર પંચર પડ્યું હતું. માર્ગની સાઈડમાં વાહન ઊભું રાખી ચારેય યુવાનો નીચે ઉતરીને ટાયર બદલી રહ્યા હતા. તે દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે ધસી આવેલી અન્ય એક બોલેરો (GJ ૧૦ DA ૨૨૮૭) ના ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટાયર બદલી રહેલા યુવાનોને અડફેટે લીધા હતા.

# જૂનાગઢમાં રહેણાંક મકાનમાંથી નકલી દારૂ બનાવતી મીની ફેક્ટરી ઝડપાઈ

જૂનાગઢ,તા.૦૬



રાજ્યમાં નકલી ઘી, નકલી તેલ કે નકલી મસાલા પકડાવવાની ઘટનાઓ સામાન્ય હતી પરંતુ, આ પ્રકારે નકલી દારૂ બનાવવાની ફેક્ટરી ઝડપાતા પોલીસ પણ સતર્ક થઈ ગઈ છે.

જૂનાગઢ શહેરના ધરાનગર વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં ડેલાની અંદર ગેરકાયદે પ્રવૃત્તિ ચાલી રહી હોવાની એ ડિવિઝન પોલીસને બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે રાતોરાત આ જગ્યા પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ઘટનાસ્થળના દૃશ્યો જોઈને પોલીસ પણ થોડીવાર માટે ચોંકી ગઈ હતી.બુટલેગરે પોતાના રહેણાંક મકાનને જ નકલી દારુ તૈયાર કરવા માટેની 'મિની ફેક્ટરી' બનાવી દીધી હતી. નકલી દારુ બનાવવા માટેની આખી સિસ્ટમની ઘરમાં ગોઠવણ કરી હતી. બુટલેગર જાતે જ દારૂ તૈયાર કરતો હતો. એક મોટી ટાંકીમાં પાણી ભરીને ત્યારબાદ તેમાં ઘાતક કેમિકલ અને એસેન્સ મિક્સ કરીને દારુ જેવું જ પ્રવાહી તૈયાર કરતો હતો. આ પ્રવાહી તૈયાર થઈ જાય એટલે તેને અલગ-અલગ પ્રીમિયમ બ્રાન્ડની બોટલોમાં ભરતો ને બજારમાં વેચવા માટે તૈયાર કરતો હતો.

---

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૪૦૯/૨૦૨૫ તા.૦૩/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- કાજી સલીમભાઈ સતારભાઈ,
રહે.મુ.કાંગસિયા વાસ, મણીનગર, સાવરકુંડલા,
તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા,
તા.સાવરકુંડલા, જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી કાજી સલીમભાઈ સતારભાઈનો જન્મ તા.૧૧/૦૫/૧૯૭૧ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નાગરપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૩/૦૨/૨૦૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

---

# શીતલ કુલ પ્રોડક્ટસ 'લોકલ ટુ ગ્લોબલ' વિકાસ મોડલનું ઉત્તમ ઉદાહરણ

અમરેલી,તા.૦૬

આગામી ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ રાજકોટ ખાતે યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) સૌરાષ્ટ્ર-કચ્છના ઔદ્યોગિક વિકાસ માટે મહત્ત્વપૂર્ણ મંચ સાબિત થશે. વડાપ્રધાનશ્રી દ્વારા ખુલ્લી મુકાનારી અને રાજકોટમાં પ્રથમવાર યોજાનારી આ કોન્ફરન્સમાં મલ્ટી નેશનલ કંપનીઓના પ્રતિનિધિઓની હાજરીથી સ્થાનિક ઉદ્યોગો માટે વૈશ્વિક તકોના દ્વાર ખુલશે. આ પરિપ્રેક્ષ્યમાં, અમરેલી જિલ્લાની શીતલ કુલ પ્રોડકટસની સફર 'લોકલ ટુ ગ્લોબલ' વિકાસ મોડલનું ઉત્તમ ઉદાહરણ છે. એક નાની પાનની દુકાનથી શરૂ થયેલો આ વ્યવસાય આજે ભારતના ૧૦+ રાજ્યો અને વિશ્વના ૧૫+ દેશોમાં પોતાની પ્રોડક્ટ્સનું વેચાણ કરી રહી છે. કંપની અમરેલીમાંથી દૂધ, સ્નેક્સ, રેડી ટુ ઈટ, અને રેડી ટુ કુક સહિત ૯૦૦થી વધુ પ્રકારની પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરી વ્યાપક રોજગારીનું સર્જન કરે છે. સ્થાનિક સ્તરે ૧,૦૦૦થી વધુ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી મળી રહી છે. મેનેજિંગ ડિરેકટર ભૂપતભાઈ ભૂવાના જણાવ્યા મુજબ, કંપનીએ 'લોકલ ટુ ગ્લોબલ' વિચારધારાને વ્યવહારમાં ઉતારી છે અને અમેરિકા, જાપાન, કોંગો સહિત ૧૫+ દેશોમાં પ્રોડક્ટ્સની નિકાસ થઈ રહી છે. કંપની ટૂંક સમયમાં અમરેલીમાં રેડી ટુ ઈટનું નવું યુનિટ શરૂ કરશે, જેનાથી વધુ ૧૦૦ લોકોને રોજગારી મળશે.શીતલ કુલ પ્રોડકટસમાં મહિલા કર્મચારીઓની મોટી સંખ્યામાં નિમણૂક થતા સ્થાનિક સ્તરે મહિલા સશક્તિકરણને પણ વેગ મળ્યો છે.

---

**// નોટીસ //**

**વિષય :- દસ્તાવેજ કરતા પૂર્વેની જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરવામાં આવે છે. અમારા અસીલ મનસુખભાઈ ગોવિંદભાઈ ઠુમ્મર, રહે. બાલાજી પાર્ક-૨, ભક્તિનગર, રાજકોટ-૩૬૦૦૨. મો:- ૯૬૨૪૨ ૯૧૬૪૦ ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો: - લીલીયા, મોજે:- ભેંસવડીના ખેડ ખાતા નં.૫૦૮ જેના રે.સર્વે નં.૬૭ક/પૈકી ૧/ પૈકી ૧, જેનુ કુલ.ક્ષેત્રફળ : -૦-૮૦-૯૪હે. આરે.ચો.મી(૧) પ્રભાબેન જયસખભાઈ વિરાણીના નામે ચાલે છે. જે જુની શરતની છે. જે ખેતીની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણ કર્તા ના સયુંકત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનું જણાવીને તેમજ મજકુર મિલકતમા તેઓ સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકત મા જો કોઈ નો વાંધો વિરોધ કે હક્ક, હીત, સંબંધ , લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હક્ક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનું લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈપણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭ મા પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમાં કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈપણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે. તેમાની અમારા અસીલ મજકુર મિલકત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાની કોઈપણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈપણ જાતના હક્કો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

**સરનામુ:- દેવ કોર્પોરેટ ઓફીસ ગ્રામ પંચાયત કચેરીની સામે, લીલીયા મોટા-૩૬૫૫૩૫**
**મો.૮૪૬૦૪૪૮૧૮૨, મો.૯૪૨૬૫૫૪૧૭૨**

**સહી,**
**લી.આપનો વિશ્વાસુ**

---

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૭૯/૨૫** **તા.૨૦/૧૨/૨૦૨૫**

વિવાદી :- શ્રી કાનાભાઈ નાજાભાઈ કનાળા, રહે. નાના રાજકોટ, તા.લાઠી, જી.અમરેલી
અરજદારશ્રીના વિ.વ.શ્રી જગદીશ જી.આસોદરીયા, ઠે.તાલુકા પંચાયત સામે, લાઠી
મો.૯૩૧૬૦૬૮૪૫૬

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ -મરણ નોંધણી અધિકારી- વ- તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મુ.નાના રાજકોટ, તા.લાઠી, જિ.અમરેલી

**// નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. નાના રાજકોટ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રીનો વૈશાલીબેન કાનાભાઈ કનાળા નો જન્મ તા.૨૮/૦૨/૧૯૯૨ ના રોજ નાના રાજકોટ, તા.લાઠી, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/ જન્મની નોંધ કરવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૯/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવાં આવશે.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

---

# સોનિયા ગાંધીની તબિયત બગડતા દિલ્હીની હોસ્પિટલમાં દાખલ

નવીદિલ્હી,તા.૬

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીને દિલ્હીની સર ગંગા રામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમની હાલત હવે સ્થિર છે અને તેઓ છાતીના નિષ્ણાતની દેખરેખ હેઠળ છે. હોસ્પિટલના એક સૂત્રએ જણાવ્યું કે તેમને નિયમિત તપાસ માટે દાખલ કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસ નેતા ઘણા સમયથી ખાંસીથી પીડાઈ રહ્યા છે અને ખાસ કરીને શહેરના પ્રદૂષણને કારણે સમયાંતરે ચેકઅપ માટે આવી રહ્યા છે.

---

**:: જાહેર નોટીસ ::**

આથી અમો નીચે સહી કરનાર-**એસ.પી.ભડકોલીયા,** (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમોના અસીલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-રાજકોટ નાના ગામે ખેડુત ખાતા નં-૧૧૧ ની ખેતીના માલીકો-(૧) શિવબેન વિનુભાઈ બલર (૨) કાંતિભાઈ વિનુભાઈ બલર (૩) મમતાબેન વિનુભાઈ બલર (૪) સંગીતાબેન વિનુભાઈ બલર (૫) રેખાબેન વિનુભાઈ બલર (૬) અશ્વિનભાઈ વિનુભાઈ બલર (૭) અસ્મિતાબેન વિનુભાઈ બલર (૮) આશાબેન વિનુભાઈ બલર ના સંયુક્ત નામે મોજે - રાજકોટ નાના, સ.નં-૩૬ પૈકી ૧, ક્ષેત્રફળ હે.આરે.ચોમી.૩-૩૫-૮૯, આકાર-૧૬.૫૦ વાળી ખેતીની જમીન....

ઉપરોકત જણાવ્યા મુજબની ખેતીની જમીનના ૭/૧૨, ૮અ ઉપર (૧) એસ.બી.એસ. શાખપુરનો બોજો રૂા.૧,૧૦,૦૦૦/- (૨) એસ.બી.એસ. શાખપુરનો બોજો રૂા.૧૫,૦૦૦/- (૩) એસ.બી.એસ. શાખપુરનો બોજો રૂા. ૧૯,૬૯૦/- (૪) શાખપુર સેવા સહકારી મંડળી લી. ના રૂા.૯,૫૦,૦૦૦/- નો બોજો નોંધાયેલ છે. તે સિવાય અન્ય કોઈનો બોજો, ગીરો, હક ૭/૧૨ માં નોંધાયેલ નથી.

જેથી ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામા આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૦ (દસ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

**સ્થળ:- લીલીયા**
**તારીખ:-૦૬/૦૧/૨૦૨૬**

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪**

---

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૪૦૮/૨૦૨૫ તા.૦૩/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- મસ્કતી યુસુફભાઈ અબ્બાસભાઈ,
રહે.મુ.તળીનાકુ, લીમડી ચોક, સાવરકુંડલા,
તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા,
તા.સાવરકુંડલા, જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી મસ્કતી યુસુફભાઈ અબ્બાસભાઈનો જન્મ તા.૧૩/૦૮/૧૯૬૭ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નાગરપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૩/૦૨/૨૦૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

---

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૩૭/૨૦૨૫ તા.૧૯/૧૨/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. ભાભલુભાઈ કથડભાઈ બળદાણીયા,
રહે.ગોરડકા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી ગોરડકા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ઘુઘાભાઈ ભાભલુભાઈ બલદાણીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૬ ના રોજ મુ.ગોરડકા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

---

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-**

નં.જન્મ-મરણ કેસ.નં.૨૬૮/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી પરસોતમભાઈ નારણભાઈ ચૌહાણ,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ નારણ સવાઈ ચૌહાણ તથા ગંગાબેન નારણ ચૌહાણના પુત્રી જયોત્સ્નાબેન નારણ ચૌહાણનો જન્મ તારીખ. ૦૧/૦૬/૧૯૬૮ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને-૧૯૬૮ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

---

**// એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ અરજી નં.૦૧/૨૦૨૬

અરજદાર :- શ્રી શુકલ દિપકભાઈ રવિશંકર,
રહે. વૈજનાથ મંદિર પાસે, રામજી મંદિર પાછળ,
ચોરાપા, અમરેલી, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ. અમરેલી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં શુકલ દિપકભાઈ રવિશંકર તેમના માતાશ્રી નલીનીબેન રવિશંકર શુકલની મરણ (તા.૩૧/૧૦/૧૯૮૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**(હરેશ તલાટી)**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

---

**જાહેર નોટીસ**

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-**

અરજી નં.૭૫/૨૦૨૫
મરણ તારીખ:૦૨/૦૫/૧૯૮૬

શ્રી સોલંકી વીરાભાઈ નાનજીભાઈ,
રહે.કોટડા, ગામ-કોટડા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, કોટડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ

**બાબત:-જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી સોલંકી વીરાભાઈ નાનજીભાઈ, રહે. કોટડા, ગામ-કોટડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પિતા સ્વ.નનાજી રાજા સોલંકીનું મરણ તારીખ:૦૨/૦૫/૧૯૮૬ના રોજ કોડીનાર તાલુકાના કોટડા ગામ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૦ માહે ડિસેમ્બર સને-૨૦૨૫ ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી,**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

---

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-**

નં.જન્મ-મરણ કેસ.નં.૨૬૩/૨૦૨૫

**પ્રતિ,**
ઢોકી સયદુબેન અકબરભાઈ,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ ઢોકી અકબરભાઈ અસ્માણભાઈ તથા ઢોકી સયદુબેન અકબરભાઈના પુત્રી સિફા અકબરભાઈ ઢોકીનો જન્મ તારીખ. ૦૧/૦૧/૨૦૨૨ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને-૨૦૨૨ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

---

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-**

નં.જન્મ-મરણ કેસ.નં.૨૬૯/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી કાસમભાઈ ઉમરભાઈ ઈસબાણી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ કાસમભાઈ ઉમરભાઈ ઈસબાણી તથા જેનમબેન કાસમભાઈ ઈસબાણીના પુત્ર અસ્તાફ કાસમભાઈ ઈસબાણીનો જન્મ તારીખ. ૦૭/૦૭/૧૯૯૭ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને-૧૯૯૭ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

---

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૪૦૬/૨૦૨૫ તા.૦૩/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- સૈયદ નિઝામ અબ્દુલભાઈ,
રહે.મુ.અમન હાઉસ, જુના બસ સ્ટેશનની બાજુ, સાવરકુંડલા,
તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા,
તા.સાવરકુંડલા, જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી સૈયદ નિઝામ અબ્દુલભાઈનો જન્મ તા.૦૧/૦૭/૧૯૬૫ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નાગરપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૩/૦૨/૨૦૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

# હાઈકોર્ટ સહિત રાજ્યની ૬ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીથી ખળભળાટ

અમદાવાદ,તા.૦૬

ગુજરાતં સહિત રાજ્યની છ કોર્ટોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. તેમા સુરત, રાજકોટ, આણંદ, અમદાવાદ અને ભરૂચની કોર્ટને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ ધમકી લિબરેશન ઓફ તમિલ ટાઈગર્સ દ્વારા આપવામાં આવી છે. આ તમામ કોર્ટને એક જ પેટર્નથી ધમકી આપવામાં આવી છે.એલટીટીઈના ભૂતપૂર્વ સભ્યો સાથે મળીને કાશ્મીર આઈએસકેપીના સભ્યોએ કોર્ટને નિશાન બનાવી છે. આવી જ એક કોર્ટને મળેલી ધમકીના મેઈલમાં લખ્યું હતું કે કોર્ટ સંકુલમાં ત્રણ આરડીએક્સનો ઉપયોગ કરવા માટે આત્મઘાતી વિસ્ફોટ કરનાર આવી પહોંચ્યો છે. બપોરે ૧-૫૫ વાગ્યા સુધી આ વિસ્ફોટ થશે. તેથી કોર્ટ ખાલી કરી દો. ટપાલની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, કોર્ટ સ્ટાફે તાત્કાલિક પ્રિન્સિપાલ જજને જાણ કરી. આ બાબતને ખૂબ જ સંવેદનશીલ ગણીને, જજે તાત્કાલિક પોલીસ વિભાગને ટપાલ વિશે જાણ કરવા અને સંપૂર્ણ સુરક્ષા તપાસ કરવાનો આદેશ આપ્યો. જજના આદેશને અનુસરીને, કોર્ટ સંકુલને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું. પોલીસને માહિતી મળતાં જ, સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ એડમિનિસ્ટ્રેટિવ



પોલીસની ટીમો તાત્કાલિક સુરત જિલ્લા કોર્ટ પરિસરમાં પહોંચી ગઈ. બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની મદદથી, સુરત જિલ્લા કોર્ટ અને ફાસ્ટ ટ્રેક કોર્ટ ઈમારતોમાં સઘન તપાસ શરૂ કરવામાં આવી. કોઈપણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે વિવિધ પોલીસ ટીમોએ સંકુલના દરેક ખૂણામાં તપાસ શરૂ કરી. સરકારી વકીલ નયન સુખવાલાએ જણાવ્યું હતું કે કોર્ટ સ્ટાફને વહેલી સવારે ટપાલ મળતાની સાથે જ તે જોવા મળી હતી. તેઓએ તાત્કાલિક પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજને જાણ કરી. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજે પણ તાત્કાલિક પોલીસને જાણ કરી છે. બોમ્બ સ્ક્વોડ પણ આવી ગઈ હતી અને તપાસ કરી છે. કોર્ટ સંકુલમાં તપાસ પ્રક્રિયા ચાલી રહી હોવાથી, સુરક્ષાના ભાગ રૂપે પોલીસ અને બાર એસોસિએશન દ્વારા મહત્વપૂર્ણ સૂચનાઓ જારી કરવામાં આવી છે. કોર્ટ સ્ટાફ અને કોર્ટની બહાર ઉભેલા વકીલોને તાત્કાલિક બહાર નીકળી જવા કહેવામાં આવ્યું છે. તપાસ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોર્ટમાં પ્રવેશ ન કરવા કડક સૂચનાઓ આપવામાં આવી છે, જેથી તપાસમાં કોઈ અવરોધ ન આવે અને પરિસ્થિતિ પર સંપૂર્ણ નિયંત્રણ જળવાઈ રહે. આવકવેરા નજીક આવેલી અમદાવાદ ગ્રામીણ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. એક અજાણ્યા વ્યક્તિએ કોર્ટ આઈડી પર ઈમેલ મોકલીને તેને ઉડાવી દેવાની ધમકી આપી હતી. ધમકી બાદ કોર્ટનું કામકાજ સ્થગિત કરવામાં આવ્યું હતું. પોલીસને ઈમેલની જાણ કરવામાં આવી હતી. આ પછી, નવરંગપુરા પોલીસે બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ સાથે કોર્ટની તપાસ હાથ ધરી હતી.

# ભાવનગરમાં ૩૪૩ બનાવટી ૨૦૦ની નોટો સાથે એક આરોપીને એલસબીએ દબોચ્યો

ભાવનગર,તા.૬

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે શહેરમાં નકલી ચલણી નોટો વટાવવાના મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. ગુપ્ત બાતમીના આધારે કરવામાં આવેલી કાર્યવાહીમાં રેલવે સ્ટેશન રોડ પાસેના વિસ્તારમાંથી એક આરોપીને ૨૦૦ની ૩૪૩ નકલી નોટો સાથે ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે આરોપી પાસેથી મોબાઈલ ફોન અને



સ્કૂટર સહિત કુલ રૂ. ૫૫,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ઘટના ૫ જાન્યુઆરીના રોજ બની હતી. એલસીબીને મળેલી ચોક્કસ બાતમી અનુસાર, રાજપરાગામ (ખોડિયાર), તાલુકો સિહોરના રહેવાસી અજય ઉર્ફે ઘુઘો પોપટ બુધેલીયા એક્સેસ મોપેડ પર રેલવે સ્ટેશન રોડ પાસે ઉભો હતો અને તેની પાસે મોટી માત્રામાં નકલી નોટો હતી, જેને તે બજારમાં વટાવવાની ફિરાકમાં હતો. એલસીબીની ટીમે તુરંત કાર્યવાહી કરી આરોપીને શંકાના આધારે અટકાયતમાં લીધો અને તેની તલાશી લીધી. તલાશી દરમિયાન આરોપી પાસેથી ૩૪૩ નકલી ૨૦૦ની નોટો, અસલ ૨૦૦ની ૨ નોટો, ૧૦૦ની ૪ નોટો, એક રેડમી કંપનીનો મોબાઈલ ફોન તેમજ એક્સેસ મોપેડ મળી આવ્યા હતા. આ તમામ મુદ્દામાલની કુલ કિંમત રૂ. ૫૫,૮૦૦ થાય છે.પોલીસે આરોપી અજય બુધેલીયા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# સુરવા-માધુપુર વચ્ચે ટ્રીપલ અકસ્માતમાં કાકા-ભત્રીજા સહિત ત્રણ લોકોના મોત

તાલાલા,તા.૦૬

તાલાલા તાલુકામાં સુરવા-માધુપુર વચ્ચે ટ્રિપલ અકસ્માત થતાં ત્રણ લોકોના ઘટનાસ્થળે કમકમાટીભર્યા મોત થયા, જેમાં બાઈક સવાર કાકા-ભત્રીજા અને નારિયેળ ભરેલા છકડો ચાલકે પણ જીવ ગુમાવ્યો છે. અકસ્માતની પ્રાથમિક વિગતો મુજબ બાઈક, નારિયેળ ભરેલો છકડો (રિક્ષા) એક આઈસર ટ્રક વચ્ચે ટક્કર થઈ છે. અકસ્માત એટલો ભયાનક હતો કે ત્રણ વ્યક્તિઓનો પળવારમાં જીવ જતો રહ્યો હતો. મૃતકોની ઓળખ કિશોર, પ્રભુદાસ અને દીક્ષિત તરીકે થઈ, જેમાં કાકા-ભત્રીજાનું પણ મોત થયું છે. ચૈતન્ય હનુમાન મંદિર પાસે થયેલા ટ્રિપલ અકસ્માતની ખબર આસપાસના પંથકમાં વાયુ વેગે પ્રસરી જતાં અનેક લોકોએ દોડી આવી બચાવકાર્યમાં મદદ કરી હતી. મૃતક કાકા-ભત્રીજા બાઈક લઈને



લગ્નની ખરીદી માટે ગયા હતા જ્યાં કાળનો ભેટો થયો હતો.અકસ્માતની જાણ રાહદારીઓ દ્વારા પોલીસ વિભાગને કરવામાં આવી હતી. જે બાદ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોને તાલાલાની સરકારી હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતે ગુનો નોંધી ટક્કર કેવી રીતે થઈ તેની તપાસ આદરી છે. હાજર લોકોનો દાવો છે કે કલાક ઉપર સમય વીતી ગયો હોવા છતાં ૧૦૮ એમ્બ્યુલન્સ આવી ન હતી જેથી ઘાયલો અને મૃતદેહોને ખાનગી અને પોલીસ વાહનમાં લઈ જવાની ફરજ પડી હતી.

# ગાંધીનગરમાં દૂષિત પાણી પીવાથી સાત વર્ષની બાળકીના મોતથી અરેરાટી પ્રસરી

ગાંધીનગર,તા.૬

ગાંધીનગરમાં દૂષિત પાણીથી હાહાકાર મચ્યો છે. તેમા દૂષિત પાણીના કારણે રોગચાળો વકર્યો છે. તેના કારણે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ઉભરાઈ ગઈ છે. ગાંધીનગરમાં દૂષિત પાણીના કેસ એટલા વકર્યા છે કે સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યાના ચાર જ દિવસમાં બાળકીનું મોત થયું



છે. સાત વર્ષની બાળકી સાજલ કનોજિયાનું મોત થયું છે. સાજલ કનોજિયાના પિતાએ જણાવ્યું હતું કે બાળકી ૧૫ દિવસથી બીમાર હતી. તેને અર્બન હેલ્થ સેન્ટરમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી. તેનો રિપોર્ટ કરાવવામાં આવતા તેને ટાઈફોઈડનો તાવ હોવાનું નીકળ્યુ હતુ. તેના પછી બાળકીને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. ચાર દિવસ પહેલાં બાળકીને સિવિલમાં ખસેડવામાં આવી હતી. સિવિલનું તંત્ર કહે છે કે બાળકીનો ટાઈફોઈડનો રિપોર્ટ આવ્યો નથી.

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી રાજયના હવામાનમાં ફેરફાર

ગાંધીનગર,તા.૦૬

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે રાજ્યના હવામાનમાં સતત ફેરફાર જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. નલિયા ૭.૫ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું છે. ત્યાર બાદ ડીસામાં ૧૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જેના કારણે વહેલી સવારે અને મોડીરાત્રે લોકો કડકડતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. આગામી ૧૫ જાન્યુઆરી સુધી ગુજરાતમાં કોલ્ડ વેવની સંભાવના છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં ઉત્તર-પૂર્વથી પૂર્વ તરફના પવનો ફૂંકાઈ રહ્યા છે. આગામી પાંચ દિવસ લઘુતમ તાપમાનમાં કોઈ મોટો બદલાવ નહીં થાય. એ બાદ લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાનનો ધીરે ધીરે વધારો થશે.

# પાટણમાં મામલતદારે કરેલા આપઘાતના પ્રયાસમાં ૧૧ પજવાણીકારો સામે ફરિયાદ

પાટણ,તા.૬

પાટણના સાંતલપુરમાં એક મામલતદારે માનસિક તણાવથી કંટાળીને ઝેરી દવા પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો, જેના કારણે સમગ્ર વિસ્તારમાં તંત્રમાં દોડધામ મચી ગઈ. ગંભીર હાલતમાં તેમને તરત સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા અને બાદમાં વધુ સારવાર માટે અમદાવાદ




ખસેડવામાં આવ્યા છે. ઘટના બાદ ૧૧ પજવાણીકારો સામે ફરિયાદ નોંધાઈ છે. આપઘાત પ્રયાસ પહેલાં મામલતદારે એક સ્યુસાઈડ નોટ પણ લખી હતી, જેમાં તેમના ઉપર છેલ્લા ચાર વર્ષથી કેટલાક શખ્સો દ્વારા તેમને માનસિક તણાવ અને વારંવાર રૂપિયા માંગવામાં આવતા દબાણની વિગતો વ્યક્ત કરવામાં આવી છે. આ દબાણ અને બ્લેકમેલિંગને કારણે તેઓ આ જોખમી સ્થિતિમાં પહોંચી ગયા હતા.

# રાજયમાં ગુનેગારોને સજા ન મળે તે માટે ભાજપની ડિસ્કાઉન્ટ યોજના : ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા

વિસાવદર,તા.૦૬

આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ કહ્યુ કે બગદાણા ઘટના, પાયલ ગોટી કેસ, મોરબી બ્રિજ કાંડ, દાહોદ મનરેગા કૌભાંડ અને પાલનપુર હત્યા કેસને લઈને ભાજપ સરકાર અને પોલીસ રાજ્યમાં ગુનેગારોને સજા ન થાય, જલ્દી જામીન મળે અને કેસ નબળા પડે તે માટે એફઆઈઆરમાં જાણીબૂઝીને ખામીઓ રાખવામાં આવે છે. જેને તેમણે 'ડિસ્કાઉન્ટ



યોજના' ગણાવી હતી. 'ગુજરાતમાં રીલ્સ પર બધું દેખાડાય છે, પરંતુ કાગળ પર આરોપીઓને બચાવવાનું કામ થાય છે' એમ કહી ઈટાલિયાએ રાજ્યના નાગરિકોને સાવચેત રહેવા અને દરેક એફઆઈઆરની કાનૂની તપાસ કરવાની અપીલ કરી હતી.













